નિરંજની જમાતના ગુંસાઇઓએ રચેલી રચના.

યાને

નિલકંઠ માહાદેવના અખાડાને પચાવી પડવાની યૂક્તિ.

અસલ ઉપરથી અનુવાદક

તથા

છપાવી પ્રસિદ્ધ કરનાર,

શંકરલાલ એન. સુક્લ,

કાઠીયાવાડ સમાચાર ઓફીસ, મુ—અમદાવાદ.

સંવત ૧૯૭૧.] [સને ૧૯૧૫.

આવૃત્તિ ૧ લી. પ્રત ૪૦૦.

અમદાવાદઃ—ખાડીયામાં, ધી જ્ઞાનવર્ધક પ્રીન્ટીંગ પ્રેસમાં
આદીતલાલ ન્યાલચંદ દોસીએ છાપ્યું.

કિંમતઃ—કોઇ નહિ—વિના મુલ્યે વેહેંચાય છે

પ્રસ્તાવના.

અમદાવાદમાં અસારવામાં નીલકંઠ મહાદેવનો સ્વામી હીરાપુરીજી મનોરનાથજી મહારાજનો દશનામી ગુસાઇઓનો અખાડો છે અને તેની પરનાલીકા એવી છે કે આ અખાડાની મીલકતના જે વારસ હોય છે અને તેમાંથી જે લાયક હોય છે તેને ગાદીએ બેસાડવાનો રીવાજ પરા પુર્વથીજ ચાલ્યો આવે છે, અને તેને બધા મહા પુરૂષો ગાદીને ગુરૂ માને છે. છતાં મર્હુમ મહંત દત્તગીરજી મહારાજના ગુજર્યા પછી નિરંજની જમાતના ગુસાઇઓએ આવી પોતાનો હક નહિ હોવા છતાં જબરદસ્તીથી આ અસારવા નિલકંઠ મહાદેવના અખાડામાં પોતાનો કબજો કરી લીધો છે. અને પોતાના તરફથી નિરંજની જમાતના કારભારી લખમણગીરને મહંત તરીકે બેસાડયો છે તે ખરો હકદાર છે કે નહિ, અગરતો નિરંજની જમાતવાળાઓને આ અમદાવાદ અસારવા નિલકંઠ મહાદેવના અખાડાની ગાદી સાથે કાંઇપણ લાગતુ વળગતું છે કે નહિ, તે આ " નિરંજની જમાતના પંચાયતી અખાડાના ગુસાઇઓની જમાત " કે જે જોઇન્ટ સ્ટોક કંપની તરીકે સરકારમાં કંપનીના રજીસ્ટર એક્ટ મુજબ રજીષ્ટર થયેલી છે તેના કાયદા (નિયમો) તથા તે "નિરંજની જમાતનાં" સ્થળો, અખાડાઓ, મુકામો તેમજ તે નિરંજની જમાતના " મહંતો, દિગંબરો, થાણાપતિઓ, સેક્રેટરીઓ, કારભારીઓ, વીગેરેનુ લીસ્ટ આ રજીષ્ટર થયેલા મેમોરેન્ડમ ઓફ એસોસીયેશન " ના નિયમો વાંચવાથી સહજમાં સમજાશે, એટલુંજ નહિ પણ એ પણ ખુલ્લુ

સમજાશે કે આ દશનામી હિરાપુરીજી મનોરનાથજી મહારાજનો અમદાવાદ અસારવા નીલકંઠ મહાદેવનો અખાડો કે જે હાલમાં વગર હક કાંઇપણ પોતાનો ગાદી સાથે સંબંધ નહિ હોવા છતાં કે આ અખાડામાં નીરંજની જમાતનો કાંઇપણ હક નહિ છતાં ખરા હકદાર મહંત દત્તગીરજીના વારસોને કાવા દાવાથી કે બલજોરીથી બહાર કાઢી આ નિરંજની જમાતવાળાઓ અંદર પેસી ગયેલા છે અને પોતે અખાડાની સઘળી માલ મીલકત પચાવી પડયા છે. અને "ચોર ઉલટો કોટવાળને દંડે" તેવી રીતે ખરા હકદારને ખશેડી મૂકી પોતાનોજ હક છે અને પોતેજ વંશ પરંપરાથી માલિક છે એમ સાબીત કરવાને પ્રયત્ન કરે છે; એ ઓછું આશ્ચર્યકારક નથી.

સદરહુ નિરંજની જમાતના ગુસાઇઓ અને દસનામી અખાડાના આ મહંતોને કોઇપણ પ્રકારનો સંબંધ નથી એ આ તેમનાજ કાયદા કાનુનોથી સહજ રીતે સમજાય તેવું છે. અને તેથી એમજ માનવાનું કારણ મળે છે કે તેઓ ગમે તેટલા શાણા, સુધરેલા, નિતિમ કે નમૃતાવાળા હશે તથાપિ પણ બીજાની મીલકત બથાવી પડવાની બાજી રમવામાં મહાન કુશળ છે. અને તેના પ્રત્યક્ષ દાખલા તરીકે તેઓએ આ નિલકંઠ મહાદેવનો અખાડો કે જેની લાખો રૂપીઆની મીલકત તેમણે હાથ કરી છે, છતાં તે અખાડાનો પરાપૂર્વથી ચાલ્યો આવતો અન્નદાન આપવાનો રીવાજ જે કોઇપણ અતિથી અભ્યાગત કે ચાહેતો સાધુ ગુસાઇ, ફકીર અગર ગમે તે ભુખ્યો મનુષ્ય આવે તેને ભોજન અપાતું તે રીવાજ અટકાવી દીધો છે. અને આ અખાડો જે અતિથીઓને અન્નદાન આપવા-

નાજ આશયથી સુજ્ઞ પુરૂષોએ સ્થાપેલો હતો તે આ નિરંજની જમાતવાળાઓએ તોડી નાંખ્યો છે. એ શું સાધુ ગુસાઇઓનો ખરો ધર્મ છે?

હીંદુ શાસ્ત્ર રીતી અનુસાર સાધુઓનો ખરો ધર્મ "અહીંસા" વ્રત પાળવાનો છે. કે જે ધર્મને હરકોઇ ધર્મનાં શાસ્ત્રોએ અગ્રપદ આપેલું છે. વળી પારકુ ધન બળજોરીથી હરણ કરવું અગર તેવી દાનત કરવી એ પણ મહાન પ્રાયશ્ચીત પ્રાપ્ત કરાવનાર હીંદુ ધર્મ શાસ્ત્રોએ માન્યું છે છતાં જયારે ધર્મનુંજ રક્ષણ કરનારા આવા સાધુ ગુસાઇઓ પરાઇ મીલ્કત હસ્તગત કરવાને પ્રયત્ન કરે અને બીજાઓનાં મન દુઃખાય તેવા "અહિંસા વ્રત" નો ભંગ કરી ખરા હકદારોનો હક કાંઇપણ હક કે કારણ સિવાય બળજોરીથી લઇ લેઇ માલિક થઇ પડે; અને હીરાપુરીજીના અખાડાના ગુસાઇઓને બહાર કાઢી મૂકે એ શું તેઓ ગુસાઇઓનો અને સાધુઓનો ખરો ધર્મ બજાવે છે કે?

આપણા હીંદુ ધર્મમાં "સાધુ" નો ખરો અર્થ "મનને સાધ્ય રાખનાર મનુષ્ય" એવો થાય છે. તો આવી રીતે બલાત્કારે અસારવાના સ્વામી હીરાપુરીજીના અખાડામાં પેસી ગયેલા નિરંજની જમાતના ગુસાઇઓને સાધુ કે ગોસાઇ કેવી રીતે કહી શકાય?

ઉપરની સઘળી બીના આ તેમના "નિરંજની જમાતના પંચાયતી અખાડાના ગુસાઇ" ની જોઇન્ટ સ્ટોક કંપનીના "મેમોરેન્ડમ ઓફ એસોસિયેશન" ના નિયમો વાંચવાથી સ્વામી હીરાપુરીજી મ-

મહારાજના દશનામી અખાડાના સેવકોને, તથા દશનામી ગુસાંઇઓના અન્ય અખાડાના મહંતોને, નાગાઓને, મહાપુરૂષોને અને ગુસાંઇઓને તથા તેમના કારભારીઓને તથા બીજા અટલ, અભાણુ, જુના તથા નિરવાણી વીગેરેને તથા સઘળા જન સમાજના હીંદુ ધર્મી ભાઇઓને સહજમાં સમજાશે.

અમને આશા છે કે આ " નિરંજની જમાતના અખાડાના ગુસાંઇઓના કાયદા અને નિયમો જોઈ હરકોઇ જુના, નિરવાણી અટલ, અભાણુ, વીગેરે દશનામી ગુસાંઇઓ તથા સ્વામિ હિરાપુરીજી મનોરનાથજીના અખાડાના સેવકો અને આશ્રયદાતાઓ તથા પ્રત્યેક હીંદુ ધર્મ સમાજ આ બીન હકે જબર જસ્તીથી નિલકંઠ મહાદેવના અસારવાના દશનામી ગુસાંઇઓનો અખાડો કે જે અન્નદાન આપવાને માટે પ્રખ્યાત છે તેને નિરંજની જમાતવાળાઓના હાથમાંથી છોડાવવા ધર્મની લાગણીને અનુસરીને બનતું કરશેજ !! એટલુંજ નહિ પરંતુ દશનામી મહંત દત્તગીરજી મહારાજનો સ્વામી હીરાપુરીજી મનોરનાથજી મહારાજનો અખાડો પાછો સ્વામી હીરાપુરીજી મનોરનાથજીના દસનામિ વારસોનેજ મળે, તથા પૂર્વવત્ અન્નદાન અપાતું તેવીજ રીતે ચાલુ થાય તેવી તન, મન, અને ધનથી મદદ કરશે, કે જેથી સત્ય ધર્મને સહાય કરવાનું માહાન પૂન્ય મળશે; એટલુંજ નહિ પણ કોઇપણ ખોટી દાનતથી પારકુ ધન હરણ કરવાની ઇચ્છા રાખનારાઓને પણ ફરીથી તેવો માર્ગ ના સુઝે તે માટે ધડો મળશે.

આપણા હીંદુ ધર્મમાંઃ—કહેલું છે કેઃ—

પરનીંદા, પરધન, હરણ, કપટી, કુટીલ, અકર્મ;
હરિજન વાંકો જાણીએ, ઘટે ન જગકી શર્મ.

વળી આ "નિલકંઠ મહાદેવના સ્વામી હીરાપુરીજી મહારાજના અખાડામાં કોઇપણ મુસલમાન આદિકને અંદર આવવા દેવાનો પ્રતિબંધ છે એ જગજાહેર વાત છે, છતાં આશ્ચર્ય પામવા જેવું એ છે કે આ હાલમાં અખાડાનો જબરદસ્તીથી કબજો લેવા પ્રયત્ન કરનાર "નિરંજની જમાતવાળાઓ એક એવો દસ્તાવેજ આગળ આણી પોતાનો હક સાબીત કરવા માગે છે કે જે બીલકુલ માની શકાય તેવો નથી. જે દસ્તાવેજ તેઓ બતાવે છે તે દસ્તાવેજ ઉપર જણાવ્યા પ્રમાણે મુસલમાનોને અંદર આવવાની મનાઈ છે, છતાં મુસલમાનના હાથથીજ લખાયેલો છે ! વળી તેમાં અખાડામાં અખાડાના ગુસાઇઓ હમેશાં હાજર રહેતા હોવા છતાં, તેમજ અખાડાના કારભારીઓ ત્યાં હાજર હોવા છતાં, અને અસારવા ગામમાં અનેક માણસો રહેતાં હોવા છતાં તેમાં કોઇની પણ સાક્ષી કરાવવામાં આવેલી નથી, અને લખનાર તથા સાક્ષી કરનાર એકનો એકજ માણસ અને તે પણ મુસલમાનજ છે, તો શું આ આખા અખાડામાં તે વખતે કોઇપણ માણસ હશેજ નહિ ? અસારવામાં કોઇપણ મનુષ્ય વસતુંજ નહિ હોય, કે આ અમદાવાદમાં પણ તે વખતે કોઇપણ હાજર નહોતુ ? દસ્તાવેજ લખનારાઓ અને વકીલો બહાર ગામ ગયેલા હતા કે કેમ ? કે આ દસ્તાવેજ લખનાર અને સાક્ષી કરનાર મુસલમાન સિવાય કોઇપણ તે નિરંજનીઓને મળ્યુંજ નહિ હોય ? અને સાક્ષી કરનાર અને લખનાર એકજ વડોદરાનો મનુષ્ય મળ્યો હશે ?

જ્યારે મહંત દત્તગીરજી અને તેમના અગાઉના મહંતો કોઇપણ મુસલમાનને અંદર આવવા દેતા નહિ ત્યારે આ લખનાર કેવી રીતે અંદર આવ્યો ? અને તે દસ્તાવેજનો કેવી રીતે જન્મ થવા પામ્યો ?

ખરેખર આ હકીકત એ અખાડાના સેવક શેઠીઆઓને, સેવકોને અને બીજા અખાડાના દશનામી અટલ, અભાણુ, જુના તથા નિરવાણી ગુસાઇઓને, તથા હીંદુ પ્રજાને જાણુવા જેવી છે. અને તેટલા માટેજ આ સાથે તે દસ્તાવેજની નકલ પણ રાખવામાં આવેલી છે. જે વાંચવાથી સઘળા હીંદુ ભાઇઓ, શેઠીઓ અને દશનામી ગુસાઇઓ સહજમાં અનુમાન કરી શકશે કે આ "નિરંજની જમાતવાળા" ગુસાઇ છે અને હીંદુ ધર્મ માનનારા છે છતાં કેવી રીતે વર્ત્યા છે ?

સ્ટાંપ આઠ આનાનો

યાદ દાસ્ત જમાત

યાને

મેમોરેન્ડમ ઓફ એસોસીએશન.

પંચાયતી અખાડા.

શ્રી

નીરંજની ફીરકા ગુસાંઇ

યાને

નાગા.

(આગરા અને ઔધ યુનાઇટેડ)

નામદાર સરકારની જોઇન્ટ સ્ટોક કંપનીની રજીસ્ટર ઓફીસમાં.

જોઇન્ટ સ્ટોક
કંપનીનો સીક્કો

અસલ ઉપરથી

જમાતની યાદી એટલે મેમોરેન્ડમ ઓફ એસોશીએશન નાગા ગોસાઇઓનો પંચાયતી અખાડો.

૧ લો કાયદો.

કલમ ૧. આ જમાતનું નામ શ્રી નીરંજની ગુસાઇઓનો પંચાયતી અખાડો છે, અને રેહેશે.

કલમ ૨. આ પંચાયતી અખાડા શ્રી નીરંજની નાગા ગુસાઇઓનો સદર મુકામ (મુખ્ય સ્થળ) હાલમાં પ્રયાગ (ઉર્ફે અલ્હાબાદ) છે અને રહેશે તેમ ભવિષ્યમાં જે ઠેકાણે આ પંચાયતી અખાડો શ્રી નીરંજની જમાત" કાયમ કરશે તે ઠેકાણે થશે. તેની બીજી જગાઓ નીચે લખ્યા મુજબની છે. અને ભવિષ્યમાં જમાત મજકુર જે ઠેકાણે બીજી જગા મુકરર કરીને કાયમ કરશે તે ઠેકાણે થશે. મુખ્ય સ્થળ (મુકામ) અને તેના તાબાની જગાઓ "પંચાયતી અખાડા નીરંજની નાગા ગુસાઇ" એ નામથી બોલવામાં આવશે, અને બોલાશે. તેનો મુકામ માંડા પ્રગણે ખેરાગઢ જીલ્લે અલાહાબાદ, માયા-

પુરી તાબે જગદીશપુર, અને હરીદ્વાર જીલ્લે સહરાનપુર અને ખંડશામપુર જીલ્લે દેહેરાદુન છે.

ઓંમકાર બ્રહ્મપુરી જીલ્લે ખંડુવા તેના તાબે મોજે બુલજારી અને મોજે પાડલ્યા રાજ્ય ઇન્દોર છે.

કાશી ઉર્ફે બનારસ જીલ્લે બનારસ.

સિદ્ધનાથ માહાદેવ અને થીરભંજન હનુમાન ગોયા દરવાજા શહેર વડોદરા કરનાલી રાજ્ય વડોદરા. મુકામ હસ્તી માતા રાજ્ય ઉદેપુર (ખાસ) જવાલા મુખી જીલ્લો કાગડા મુલક પંજાબ, જાગીર આ બાદ પરગણે ભદોઇ જીલ્લે મીરજાપુર, ત્ર્યંબક જીલ્લે નાસિક.

જમાતનાં જરૂરી કામો.

કલમ ૩. આ "પંચાયતી અખાડા શ્રી નીરંજની નાગા ગુસાઇજી" ઇંગ્રેજ સરકારના રાજ્ય અમલ પેહેલાંથી છે તેનો વિચાર અને આ અખાડાનું સર્વ કામ નીચે લખ્યા મુજબ છે.

૧. જે આમદાની મંડળીના મઠવાળાઓને રાજા અને અને બાદશાહોના તરફથી મળે છે, તેમજ બીજી તરેહથી મળે છે, અગર બીજી તરેહથી મળે એ રકમથી અને આ મંડળીના નાગા ગોસાઇઓ અને મહંન્ત બન્ને મળીને જે કાંઇ પેંદા કરે, અગર એકઠી કરે, તેના વડે આ અખાડો કાયમ કરવામાં આવ્યો છે. આ મીલકતનો બંદોબસ્ત

૫૫૫૬

કરવો, અને જે પુંજી હર વખતે મળે અગર બચત રહે, તેને વધારવી, તેની દેખરેખ રાખવી, અને અખાડાના ધર્માદાના કામમાં ખર્ચ કરવી, તથા અખાડાની સ્થીતિ કાયમ રાખવી, અને વધારવી.

૨. નાગા ગુસાઇઓની મંડલીના કોઇ મહંત અગર માહા પુરૂષ આ અખાડાના કોઇપણ સ્થાન ઉપર આવે, અગર મેળામાં આવે, કે કોઇ તીર્થ ક્ષેત્રમાં માહા પુરૂષોનો સમાગમ થાય ત્યાં આવે, કે સ્નાન કરવા આવે, તેમના ખાવા પીવાની, અને રેહેવાની વ્યવસ્થા (બંદોબસ્ત) કરવી.

૩. મઠ અગર મઠી પૈકી આ નાગા ગોસાઇઓની મંડલીનું ફરવું કોઈપણ નામથી કેહેવાતું હોય પરંતુ તે આ અખાડાથી દૂર હોય, અગર તેમાં કોઇ મહન્ત હોય નહિ તો તેની હાલત કાયમ રાખવી અગર કોઇ આદમી હરકત કરે તો, તેની અસલ હાલત કાયમ રાખવાને પ્રયત્ન કરવો.

૪. ઉપર કહેવા પ્રમાણે અખાડાને ઉપકારક જે કાંઇ ઉપરના નિયમોને લાગુ પડતાં હોય એવાં કોઇ પણ તેવાં કામ કરવાં.

જમાતનાં કામકાજો કરવાવાળા મહન્તોનાં નામ કે જેમનો સદર મુકામ વડોદરામાં છે.

નામ.	ઠેકાણું:—	સંપ્રદાયનાં નામ.
મહન્ત જયરામભારથી	ચેલા સ્વામ કાર્ત્તિક.	ભૂરવાર.
મહન્ત જસવન્તગીર	ઉર્ફે નિરંજનદેવ	આનંદવાર.
મહન્ત માહાદેવગીર	સદર	આનન્દવાર
મહન્ત ગણેશપુરી	સદર	ભૂરવાર.
૨ મહન્ત મૌજગીર	સદર	આનન્દવાર
૧ મહન્ત નારાયણપુરી	સદર	ભૂરવાર.
મહન્ત માહાદેવપુરી	સદર	ભૂરવાર.
મહન્ત મહેશગીર	સદર	આનંદવાર.

સદર મહન્તોના હાથ નીચે કામ કરવા વાંળા કારબારી કે જેઓ તેમની સાથે રહે છે.

નામ.	ઠેકાણું—	સંપ્રદાય
દિગંબર ભાઉગીર	ચેલા સ્વામ કાર્ત્તિક	આનંદવાર
દિગંબર રાજેન્દ્રાભારથી	ઉર્ફે નિરંજનદેવ	ભૂરવાર
દિગંબર મિસરીગીર	સદર	આનંદવાર
દિગંબર ભીમવન	સદર	ભૂરવાર
દિગંબર લછમનગીર	સદર	આનંદવાર
દિગંબર જાશીમપુરી	સદર	ભૂરવાર

દિગંબર જદુનાથગીર	સદર	આનંદવાર.
દિગંબર ગુલાબપુરી	સદર	ભૂરવાર.

દરેક મુકામવાળા અખાડાના થાણાપતિઓનાં નામ.

દારાગંજ ઇલાહાબાદ.	દિગંબર ગોપાળભારતી.	ચેલા સ્વામ કાર્તિક.	ભૂરવાર.
સદર	દિગંબર રામપુરી	ઉર્ફે નિરંજન દેવ	સદર
સદર	દિગંબર તરવેનીગીર	સદર	આનંદવાર
સદર	દિગંબર આનંદવન	સદર	ભૂરવાર
સદર	દિગંબર ધ્યાનગીર	સદર	આનંદવાર
સદર	દિગંબર તુલસીપુરી	સદર	ભૂરવાર
સદર	દિગંબર હરદવારગીર	સદર	આનંદવાર
સદર	દિગંબર બાલગીર	સદર	સદર
ભાડાપ્રગણે એરાગઢ જીલ્લા ઇલાહાબાદ.	દિગંબર ત્રીવેણીગીર	સદર	આનંદવાર
સદર	દિગંબર બુધપુરી	સદર	ભૂરવાર
સદર	દિગંબર બીહારીપુરી	સદર	સદર
સદર	દિગંબર ગોપાલગીર	સદર	આનંદવાર
સદર	દિગંબર સુમારભારથી	સદર	ભૂરવાર

માયાપુરી જીલ્લા સહરાનપુર.	દિગંબર જગદીશભારથી	સદર	ભુરવાર
સદર	દિગંબર નારાયણગીર	સદર	આનંદવાર
સદર	દિગંબર ગંગાપુરી	સદર	ભુરવાર
સદર	દિગંબર માધવગીર	સદર	આનંદવાર
સદર	દિગંબર પ્રેમપુરી	સદર	ભુરવાર
સદર	દિગંબર સોમારગીર	સદર	આનંદવાર
સદર	દિગંબર શીવદત્તપુરી	સદર	ભુરવાર
સદર	દિગંબર રામચંદ્રગીર	સદર	આનંદવાર
ગોયાના દરવાજે શેહેર વડોદરા.	દિગંબર દયાપુરી	સદર	ભુરવાર
સિદ્ધનાથ માહાદેવ વડોદરા શહેર	દિગંબર સોમારગીરી	સદર	આનંદવાર
કરનાલી વડોદરા રાજ્ય	દિગંબર ગૌરીગીર	સદર	સદર
શીવાલા ઘાટ જીલ્લે બનારસ.	દિગંબર માહાદેવગીર	સદર	[illegible]

સદર	દિગંબર સોમારપુરી	સદર	ભૂરવાર
સદર	દિગંબર સુરશીવર	સદર	આનંદવાર
હસ્તીમાતા ઉદેપુર રાજ્ય	દિગંબર મોહનગીર	સદર	સદર
ત્ર્યંબક જીલ્લે નાસિક	દિગંબર હુકમપુરી	સદર	ભૂરવાર
ઓંકાર જીલ્લે ખંડવા	મહન્ત ગણેશપુરી	સદર	સદર
સદર	મહન્ત કૈલાશગીર	સદર	આનંદવાર
જાગીરાબાદ જીલ્લે મીરજાપુર.	દિગંબર જવાહરરત્ન	સદર	ભૂરવાર
સદર	દિગંબર ગણેશગીર	ચેલા સ્વામ કાર્ત્તિક ઉર્ફે નિરંજન દેવ.	આનંદવાર
જવાલા મુખી મુલક પંજાબ જીલ્લે કાગડા	દિગંબર ચંદનપુરી	સદર	ભૂરવાર

અખાડાના આસનધારી.

મુકામ.	નામ.	ઠેકાણું.	સંપ્રદાય
માંડા પ્રગણે ખેરાગઢ	મહંત સોમવારગીર	ચેલા સ્વામ કાર્ત્તિક ઉર્ફે નિરંજનદેવ	આનંદવાર
સદર	મહંત નરબદાગીર		સદર

સદર	દિગંબર સોમવારગીર	સદર	સદર
સદર	દિગંબર મોતીપુરી	સદર	ભૂરવાર.
સદર	દિગંબર લછમનગીર	સદર	આનંદવાર.
સદર	મહંત તેજનારાયણભારથી	સદર	ભૂરવાર
સદર	દિગંબર રસભૂગીર	સદર	આનંદવાર
સદર	મહંત ભગવાનગીર	સદર	સદર
સદર	દિગંબર ભેરૂગીર	સદર	સદર
સદર	મહંત મંગળગીર	સદર	સદર
માયાપુરી જીલ્લે સહરાનપુર	દિગંબર ગુલાબભારથી	સદર	ભૂરવાર
સદર	મહંત બીરગર	સદર	આનંદવાર
સદર	દિગંબર પુરણપુરી	સદર	ભૂરવાર
માયાપુરી જીલ્લે સહરાનપુર	દિગંબર નરહરગીર	સદર ચેલા સ્વામ કાર્તિક ઉર્ફે નિરંજનદેવ	આનંદવાર.
સદર	દિગંબર કાશીપુરી	સદર	ભૂરવાર

અખાડામાં એક જગાપર રહેવાવાળા આસનધારી.

મુકામ.	નામ.	ઠેકાણું.	જમાત.
શીવાઘાટ જીલ્લે બનારસ.	દિગંબર એનીપુરી	ચેલા સ્વામ કાર્તિક ઉર્ફે નિરંજનદેવ	જુરવાર
સદર	દિગંબર રામગીર	સદર	આનંદવાર
સદર	મહંત રામપુરી	સદર	જુરવાર
સદર	દિગંબર ગંગાગીર	સદર	આનંદવાર
સદર	મહંત લછમનપુરી	સદર	જુરવાર
સદર	દિગંબર આદિતગીર	સદર	આનંદવાર
સદર	દિગંબર નારાયણગીર	સદર	સદર
સદર	દિગંબર સુખલાલગીર	સદર	સદર

અખાડાના સેક્રેટરીઓનાં નામ.

નામ સેક્રેટરી	ઠેકાણું.
મહંત નરબદાગીર	આસનધારી
મહંત તેજનારાયણભારતી	સદર

મહંત સોમવારપુરી	સદર
મહંત હરિદ્વારગીરી	થાનાપતિ

હમે મહંત લોકો, થાણાપતિઓ, કારભારીઓ, આસનધારીઓ, અને સેક્રેટરીઓ જેમની સહીઓ નીશાની અને ઠેકાણાની સાથે સાથે નીચે લખી ઉમેદ રાખવામાં આવે છે કે અમારી જમાત આ યાદીમાં લખ્યા મુજબનાં નામોના માફક એક્ટ ૨૧ સન ૧૮૬૦ મુજબ એસોસીએશન મુકરર કરી, કરીને રજીષ્ટર કરવામાં આવે.

જમાતના મહંત લોકોનાં નામ.

મહંત જસવતગીર	ચેલારામ સ્વામ કાર્તિક ઉર્ફે નીરંજનદેવ	આનંદવાર	વડોદરા.
મહંત જયરામભારથી	સદર	ભુરવાર	સદર
મહંત માહાદેવગીરી	સદર	આનંદવાર	સદર
મહંત ગણેશપુરી	સદર	ભુરવાર	સદર
મહંત મોજગીર	સદર	આનંદવાર	સદર
મહંત નારાયણપુરી	સદર	ભુરવાર	સદર
મહંત મહેશગીર	સદર	આનંદવાર	સદર
મહંત માહાદેવપુરી	સદર	ભુરવાર	સદર

મહંત ગણેશપુરીજી બલકમ મહંત જસવતગીરીજી સહી

મહંત નારાયણપુરીજી બલકમ મહંત જસવતગીરીજી હસ્તે ખુદ.

મહંત માહાદેવગીરીજી સહી દા. ખુદ

દા. મહંત જસવતગીરીજી દા. ખુદ

દા. મહંત માહાદેવપુરી સહી દા. ખુદ

મહંત મોજગીરીજી સહી દા. ખુદ.

દા. મહંત મહેશગીરજી સહી દા. ખુદ.

મહંત જયરામભારતી બલકમ નરબદાગીરી સહી દા. પોતે

ઉપર વાળા મહંત ગણેશપુરી, નારાયણપુરી, માહાદેવગીરીજી, જસવંતગીરીજી, માહાદેવપુરી, મોજગીર, મહેશગીરી, જયરામભારતી, એ લોકોએ સહી અને નીશાની આજ તારીખ ૪ અકટોબર સન ૧૯૦૩ ઇસ્વીના દિવસે મારા રૂબરૂમાં કરી છે.

(સહિ) બલવંતરાય રઘુનાથજી દેશાઈ

હાઇકોર્ટ વકીલ. ડીસ્ટ્રીકટ કોર્ટ સુરત હાલમાં

વડોદરા હાઈકોર્ટમાં પ્રેકટીસ.

જમાતના કારભારી લોકોનાં નામ.

નામ.	ઠેકાણું.	સંપ્રદાય.	મુકામ.
દિગંબર ભાઉગીરી.	ચેલાસ્વામકાર્ત્તિક	આનંદવાર	વડોદરા.

દિગંબર રાજેન્દ્ર ભારતી.	ફ્રીઁ નીરંજન દેવ.	ભૂરવાર	વડોદરા.
દિગંબર મિસરીગીરી.	સદર	આનંદવાર	સદર
દિગંબર ભીમવન	સદર	ભૂરવાર	સદર
દિગંબર લછમનગીરી	સદર	આનંદવાર	સદર
દિગંબર જાલમપુરી	સદર	ભૂરવાર	સદર
દિગંબર જદુનાથગીરી	સદર	આનંદવાર	સદર
દિગંબર ગુલાબપુરી	સદર	ભૂરવાર	સદર

૧. દા. ગુલાબપુરી બલકમ મહન્ત જસવતગીરીજી સહી.

૧. દા. રાજેન્દ્ર ભારતી સહી. દા. ખુદ.

૧. દિગંબર મિસરીગીરી સહી. દા. ખુદ.

૧. દિગબર ભાવગીરીજી સહી. દા. ખુદ.

૧. દિગંબર જાલમપુરીજી સહી. દા. ખુદ.

૧. દિગંબર જદુનાથગીરીજી સહી, દા. ખુદ.

૧. લછમનગીરીજી બકલમ મહંત જસવતગીરીજી સહી.

૧. દિગંબર ભીમવનજી સહી. દ. ખુદ.

ઉપર કહેલા કારભારી, ગુલાબપુરી, રાજેન્દ્ર ભારતી, મિસરીગીર, ભાવગીર, [illegible]પુરી, જદુનાથગીર, લછમનગીર, અને ભીમવન એ લોકોએ આજ તારીખ, ૪ અક્ટોબર સન ૧૯૦૩ ના રોજ મારી રૂબરૂ પોત પોતાના દસ્તક અને નિશાનીઓ કરી છે.

(સહી) બલવંતરાય રઘુનાથજી દેસાઇ.

હાલ વડોદરા હાઇકોર્ટમાં વકીલાત કરે છે. } હાઇકોર્ટ વકીલ. ડી. કોર્ટ સુરત.

પ્રયાગ ઉર્ફે અલાહાબાદના થાણાધિપતિઓનાં નામ.

દિગંબર ગોપાળભારથી	ચેલા સ્વામ કાર્તિક	ભૂરવાર	દારાગંજ	૨૬
દિ. રામપુરી	ઉર્ફે નિરંજન દેવ	સદર	સદર	
દિ. ત્રીવેણીગીરી.	સદર	આનંદવાર	સદર	
દિ. આનંદવન.	સદર	ભૂરવાર	સદર	
દિ. ધ્યાનગીરી.	સદર	આનંદવાર	સદર	
દિ. તુલસીપુરી	સદર	ભૂરવાર	સદર	
મહંત હરદ્વારગિરી	સદર	આનંદવાર	સદર	
દિ. બાલગીર	સદર	સદર	સદર	

૧. દિ. ગોપાલ ભારતી સહી. દા. ખુદ.

૧. દિ. ધ્યાનગીરીજી સહી. દા. ખુદ.

૧. દિ. રામપુરી દા. ખુદ સહી.

૧. દિ. તુલસીપુરી બકલમ રામપુરી સહી. દા. ખુદ અલામત નિશાની

૧. દિ. ત્રિવેણીગીર સહી. દા. ખુદ.

૧. દિ. હરિદ્વારગીર સહી. દા. ખુદ.

૧. દિ. બાલગીર સહી. દા. ખુદ

૧. દિ. આનંદવન સહી. દા. ખુદ.

દા. છન્નુલાલ પટવારી કસબે હરદ્વાર મારી રૂબરૂ નામ હરિદ્વારગીર હરદ્વાર હવેલીમાં નીરંજની અખાડામાં એમણે પોતે પોતાના દસ્કત કર્યા છે. તા. ૧૭–૧૯–૦૩ મારા રૂબરૂ હરીદ્વારગીરે નીરંજની અખાડાની હવેલીમાં સહી કરી. તા. ૧૭–૧૦–૧૯૦૧.

(સહી) રસીકલાલ અદાલતના મુખત્યાર. શેસન સહરાનપુર અને જવાલાપુરના રહીશ.

ઉપર લખેલા મહંત દિ. ગોપાળ ભારથી, દિ. રામપુરી, દિ, ત્રીવેણીગીર, દિ. ધ્યાનગીર. દિ. બાલગીર, દિ. આનંદવન અને દિ. તુલસીપુરી એ લોકોએ આજ તા.

૨૦–૧૦–૧૯૦૩ ના રોજ દારાગંજ નિરંજની અખાડામાં મારા રૂબરૂ સહીઓ અને નિશાનીઓ કરી છે.

તા. ૨૦–૧૦–૦૩. (સહી) અનંતલાલ,

બી. એ. જડજ કોર્ટના વકીલ. ઇલાહાબાદ.

થાનાપતિ અને આસનધારી મુકામ માંડા પ્રગણે ખેરાગઢ જીલ્લા ઇલાહાબાદનાં નામો.

નામ.	ઠેકાણું.	સંપ્રદાય	ઠેકાણું.
દિ. સોમવારગીરી. આસનધારી	ચેલાસ્વામકાર્તિક	આનંદવાર	માંડા.
દિ. મોતીપુરી આસનધારી	ઉર્ફે નીરંજનદેવ.	ભુરવાર	સદર
દિ. લછમનગીર આસનધારી	,,	આનંદવાર	સદર
દિ. તેજનારાયણભારથી સદર	,,	ભુરવાર	,,
દિ. શંભુગીરી આસનધારી	,,	આનંદવાર	,,
મ. સોમારપુરી ,,	,,	ભુરવાર	,,
દિ. ત્રિવેણીગીર થાણાપતિ	,,	આનંદવાર	,,
દિ. બુધપુરી થાનાપતિ	,,	ભુરવાર	,,

દિ. બિહારીપુરી આસનધારી	,,	,,	,,
દિ. ગોપાલગીર	,,	આનંદવાર	,,
દિ. સોમારભારતી	,,	ભુરવાર	,,
મ. નર્મદાગીરી આસનધારી	,,	આનંદવાર	,,
મ. ભગવાનગીર આસનધારી	,,	,,	,,
દિ. ભૈરવગીરી આસનધારી *	,,	,,	,,
મહંત મંગળગીરી આસનધારી	,,	,,	,,

દ. દિ. સોમારભારતી દ. ખુદ સહી. — દિ. મોતીપુરી દા. ખુદ.

દિ. લછમનગીર ખુદ સહી — દ. તેજનારાયણભારતી દા. ખુદ.

મ. સોમવારપુરીજી સહી દા. ખુદ. — દ. શંભુગીર બા. ખુદ.

દિ. બુધપુરીજી સહી દા. ખુદ. — દા. ત્રિવેણીગીરજી સહી દા. ખુદ.

દા. અલ્લામત નિશાની બીહારીપુરી. — મહન્ત ભગવાનગીરજી દા. ખુદ.

દિ. ભૈરૂગિરજી દા. ખુદ. — દ. સોમવારગિર દા. ખુદ.

દા. દિ. ગોપાળગીર દા. ખુદ. — દ. મહંત નરબદાગીરજી દા. ખુદ.

મ. મંગલગીરજી દા. ખુદ.

મારા રૂબરૂ માંડા મુકામમાં ઉપર લખેલા નામવાળા લોકોએ સહીઓ કરી છે.

મહેશપ્રસાદ વકીલ જીલ્લા અને બંદોબસ્ત કરવાવાળા રાજમાસ દા. ખુદ.

હરિદ્વાર માયાપુરી જીલ્લે સહરાનપુરના થાણાપતિઓનાં નામ.

નામ.	પતો.	સાંપ્રદાય.	ઠેકાણું.
દિ. જગદિશભારતી	ચેલા સ્વામ કાર્તિક	ભુરવાર	માયાપુરી.
દિ. નારાયણગીર	ઉર્ફે નિરંજન દેવ	આનંદવાર	સદર
દિ. ગંગાપુરી	સદર	ભુરવાર	સદર
દિ. માધવગીર	સદર	આનંદવાર	,,
દિ. પ્રેમપુરી	,,	ભુરવાર	,,
દિ. સોમવારગીર	,,	આનંદવાર	,,
દિ. શિવદત્તપુરી	,,	ભુરવાર	,,
દિ. રામચન્દ્રગીરી	,,	આનંદવાર	,,

દિગંબર જગદિશભારતી બામ ખુદ.

o આલામત નિશાનિ માધવગિર વામ બીરગીરજી

નિશાની આલામત દિગંબર નારાયણગીરજી બા. જગદીશભારતી.

દા. પ્રેમપુરી બા. ખુદ.

દા. રામચંદ્રગીરીજી બા. ખુદ.

ગંગાપુરી બા. ખુદ.

o નિશાની આલામત દિગંબર સોમારગીરીજી બા. જગદીશભારતી

દસ્તક્ત શિવદત્તપુરીજી દા. ખુદ.

જવાહરલાલ રામપ્રસાદ પેન્શનદાર રાજ્ય હાડી જીલ્લા ગઢવાલ મેમ્બર કમીટી હરદ્વાર મારા રૂબરૂ દિગંબર ગંગાપુરી, જગદીશભારતી તથા પ્રેમપુરી તથા રામચંદ્રગીરી, તથા શિવદત્તપુરી. એઓએ પોતપોતાના દસ્કતો કર્યા છે. દિગંબર નારાયણગીરીએ અને સોમવારગીરીએ તથા માધવગીરીએ પોતાની ૨ નિશાનીઓ ફક્ત કરી છે, તા. ૧૯ મી ઓકટોબર સન ૧૯૦૩.

રસિકલાલ સહરાનપુરના શેસન અદાલતના મુખત્યાર અને જવાલાપુરના રહીશના રૂબરૂ દિગંબર ૧ ગંગાપુરી, ૨ જગદિશભારતી, ૩ પ્રેમપુરી, ૪ રામચંદગીરી, ૫ શિવદત્ત, એ લોકોએ પોત પોતાની સહીઓ કરી છે. ૭ દિગંબર નારાયણગીરીએ ૮ અને સોમવારગીરીએ, ૯ માધોગીરીએ એ લોકોએ પોતાની ૨ નિશાનીઓ હરદ્વાર મુકામે હવેલી નિરંજની અખાડામાં તા. ૧૯ અકટોબર સન ૧૯૦૩ ના રોજ કરી છે.

છન્નુલાલ પટવારી કસ્બે હરીદ્વારના રૂબરૂ દિગંબર ગંગાપુરી, અને જગદિશભારતી તથા પ્રેમપુરી તથા રામચંદ્રગીરી તથા શિવદત્તપુરી એ લોકોએ પોત પોતાના દસ્કતો આપ્યા છે. અને દિગંબર નારાયણગીરી અને સોમવારગીરી તથા માધોગીરી એમણે પોત પોતાની નીશાનીઓ મુકામ હરદ્વારમાં નીરંજની અખાડાની હવેલીમાં કરી છે. તા. ૧૯ મી અકટોબર સન ૧૯૦૩.

માયાપુરી જીલ્લે સહરાનપુરના આસનધારીઓનાં નામ.

નામ.	પતો.	સંપ્રદાય.	ઠેકાણું.—
દિ. ગુલાબભારતી	ચેલા સ્વામ કાર્તિક	ભુરવાર	માયાપુરી
મહંત બીરગીરી	ઉર્ફે નિરંજન દેવ	આનંદવાર	,,
દિગંબર પુરણપુરી	,,	ભુરવાર	,,
દિગંબર નરહરગીર	,,	આનંદવાર	,,
દિગંબર કાશીપુરી	,,	ભુરવાર	,,

દા. પુરણપુરી સહી ખુદ.   દા. બીરગીરજી દા. ખુદ.

દા. કાશીપુરીજી દા. ખુદ.

દા. ગુલાબભારતીજી અલામત નિશાની બકલમ જગદીશભારતી દા. ખુદ.

નરહરગીરીજી સહી દા. ખુદ.

ગવાહલાલ રામપ્રસાદ રેહેવાશી અને એજન્ટે રાજ્ય હાડી જલ્લા ગઢવાલ મેંબર કમીટી હરીદ્વારના રૂબરૂ મહંત બીરગીરી અને દિગંબર નરહરગીરી અને કાશીપુરી અને પુરણપુરી એઓએ પોતે પોતાની સહીઓ કરી છે અને દિગંબર ગુલાબભારતીએ ફકત નીશાની કરી છે તા. ૧૯ મી અકટોબર સન ૧૯૦૩ ઇસ્વી.

જનુલાલ પટવારી હરદ્વાર મારા રૂબરૂ મહંત બીરગીર અને નરહરગીરી તથા દિ. કાશીપુરી તથા પુરણપુરીએ પોત પોતાની સહીઓ પોતે પોતાના હાથની કલમ વડે કરી

છે. અને દિગંબર ગુલાબભારતીએ પોતે પોતાના હાથે નીશાની કરી છે. મુકામ હરદ્વારે નીરંજની અખાડાની હવેલીમાં કરી છે. તા. ૧૯ અકટોબર ૧૯૦૩ ઇસ્વી.

રીયાસત વડોદરામાં વડોદરાના ગોયા દરવાજાના થાણાપતિયોનાં નામ.

દિગંબર દયાપુરી ચેલા નિરંજન દેવ ભુરવાર વડોદરા ગોયા દરવાજા હનુમાન.
દયાપુરી સહી દા. પોતે.

ઉપર કહેલા થાણાપતિ દયાપુરીએ મારી રૂબરૂ પોતાના દસ્કત કર્યા છે. તારીખ ૪ અકટોબર સન ૧૯૦૩ ઇસ્વી.

(સહી) બલવંતરાય રૂઘનાથજી દેસાઈ.
હાઇકોર્ટ વકીલ ડીસ્ટ્રીકટ કોર્ટ સુરત
હાલ વડોદરામાં પ્રેકટીસ કરે છે.

મુકામ વડોદરા રાજ્ય વડોદરામાં સિદ્ધનાથ મહાદેવના થાણાપતિનું નામ.

દિ. સોમવારગીરી ચેલા નિરંજનદેવ આનંદવાર સીદ્ધનાથ મહાદેવ શેહેર વડોદરા.
સોમવારગીરીની સહી દા. પોતે.

ઉપર કહેલા સોમવારગીરીએ મારા રૂબરૂ પોતાની સહી કરી છે

તા. ૪ અકટોબર સન ૧૯૦૩.

કંપનીનો સિક્કો

(સહી) બળવંતરાય રૂઘનાથજી દેસાઈ.
હાઇ કોર્ટ વકીલ સુરત ડીસ્ત્રીક્ટ
કોર્ટમાં પ્રેક્ટીસ કરે છે.

મુકામ કરનાલી રાજ્ય વડોદરા થાણાપતિ

દિ. ગૌરીગીર ચેલા નીરંજનદેવ આનંદવાર મુકામ કરનાલી રીયાસત વડોદરા.

દિ. ગૌરિગીરજી સહી દા. બાલકમ મહંત જસવંતગીરજી

ઉપર કહેલા થાણાપતિ ગૌરીગીરે મારા રૂબરૂ પોતાની ખુદની નીશાની કરી છે. અને મહંત જસવતગીરના હાથે પોતાના દસ્કત કરાવ્યાં છે. આજ તારીખ ૪ અકટોબર સન ૧૯૦૩.

જોઇન્ટ સ્ટોક કંપનીનો
સિક્કો.

(સહી) બળવંતરાય રઘુનાથજી દેસાઇ.
હાઇકોટ વકીલ ડીસ્ત્રીક્ટ કોર્ટ સુરત.
હાલ વડોદરા હાઇકોર્ટમાં પ્રેક્ટીસ કરે છે.

કાશી ઉર્ફે બનારસ જીલ્લે બનારસના થાણાપતિ આસનધારીઓનાં નામ.

દિ. માહાદેવગીરી	ચેલા સ્વામ કાર્તિક	આનંદવાર	શીતાલાઘાટ.
દિ. બેનીપુરી	,,	ભુરવાર	,,
દિ. રામગીરી આસનધારી	,,	આનંદવાર	,,
મહંત દાનપુરી આસનધારી	,,	ભુરવાર	,,
દિ. ગંગાગીરી આસનધારી	,,	આનંદવાર	,,
મહંત લછમનપુરી આસનધારી	,,	ભુરવાર	,,
દિ. આદિત્યગીરી આસનધારી	,,	આનંદવાર	,,
દિ. સોમવારપુરી	,,	ભુરવાર	,,
દિ. નારાયણગીરી આસનધારી	,,	આનંદવાર	,,
દિ. મુરલિગીર	,,	ભુરવાર	,,
દિ. સુખલાલગીર	,,	આનંદવાર	,,

માહાદેવગીરની ખુદ
મહંત લછમનપુરીની સહી દા. ખુદ
દિ. આદિતગીરજી સહી ખુદ
દિ. બેનીપુરીજી સહી ખુદ

દિ. રામગીરીની સહી ખુદ
દિ. ગંગાગીરજી સહી ખુદ
દિ. નારાયણગીરજી સહી ખુદ
દિ. મુરલીગીરજી સહી ખુદ

દિ. સુખલાલગીરજીની સહી ખુદ   દિ. સોમવારપુરીજી સહી ખુદ

મહંત દાનપુરીજી સહી ખુદ.

બનારસના નિરંજની અખાડાના ૧૧ માહા પુરૂષોએ મારા રૂબરૂ સહીઓ કરી છે તારીખ ૨૯ અકટોબર સન ૧૯૦૩ ઇસ્વી.

સહી કાશીગિર.

આજ ૧ માહાદેવગિર, ૨ રામગિર, ૩ મહંત લક્ષ્મનપુરી, ૪ ગંગાગિર, ૫ આદિતગીર, ૬ નારાયણગીર, ૭ બેનિપુરીજી એઓએ પોતપોતાની સહીઓ મારા રૂબરૂ કરી છે.

તા. ૨૯ અકટોબર સન ૧૯૦૩.

(સહી) મિરજામહુમદ ફિરોજબક્ષ,
નાયબ તેહેસીલદાર પેન્સનર
મુકામ શિવાલાઘાટ.

જોઇન્ટ સ્ટોક કંપનીનો
સિક્કો.

રાજ્ય ઉદયપુર હસ્તીમાતાના શ્રી નિરંજની અખાડાના થાણાપતિ દિગંબર મોહનગીર ચેલા સ્વામ કાર્તિક નિરંજનદેવ આનંદવાર.

થાણાપતિ મોહનગિરની સહી પોતે.

મારા રૂબરૂ દિગંબર મોહનગીરીએ ઉપર લખેલા મુકામ ઉપર શ્રી નિરંજની અખાડામાં સહી કરી છે તા. ૩૧ માર્ચ સન ૧૯૦૩.

જોઇન્ટ સ્ટોક કંપનીનો સિક્કો.

(સહિ.) રસિકલાલ,
સેસનકોર્ટના મુખત્યાર
અને જવાલાપુરના રહેવાસી

મુકામ ત્ર્યંબક જીલ્લે નાસિકના થાણાપતિ.

દિ. હુકમપુરી ચેલા નિરંજનદેવ ભુરવાર ત્ર્યંબક દુધગંગા

• મહંત હુકમપુરીજીની સહી બકલમ જસવંતગિરજી

ઉપર કહેલા નામના મહંતોએ મારા રૂબરૂ નીશાની કરી છે અને પોતાની સહી જસવંતગારજીની પાસે કરાવી છે. તારીખ ૪ અકટોબર સન ૧૯૦૩.

(સહિ.) બલવંતરાય રઘુનાથજી દેસાઇ.

હાઇકોર્ટ વકીલ, ડીસ્ટ્રીક્ટ કોર્ટ સુરત.

હાલ વડોદરા કોર્ટમાં પ્રેક્ટીસ કરે છે.

મુકામ ઓંમકાર જીલ્લે ખંડવાના થાણાપતિ

મહંત ગણેશપુરી ચેલા નિરંજનદેવ, ભુરવાર મુકામ ઓંકાર ઠે. બ્રહ્મપુરી

કૈલાસગિરજી	,,	આનંદવાર	,,

ગણેશપુરીજી સહી દા. પોતે થાણાપતિ

દિ. કૈલાશગિરજી થાણાપતિ સહી.

ગવાહ મીસરીલાલ મોહરીર બાંચ માંધાતા ગણેશપુરી અને કૈલાસગિરજીએ મારી રૂબરૂમાં સહીઓ કરી છે.

જોઈન્ટ સ્ટોક કંપનીનો સીક્કો.

(સહી) આઈ. એમ. જીબલ સહી અંગ્રેજીમાં

બાન્ચ માજીસ્ટ્રેટ જીલ્લા ઓંકાર માંધાતા:

જહાંગીરાબાદ પ્રગણે ભદોઇ તહસીલદારી કુંડ.

જીલ્લે મિરજાપુરના થાણાપતિઓનાં નામ.

દિ. જવાહિરવન	ચેલા સ્વામ કાર્તિક	ભુરવાર	જહાંગીરાબાદ.
દિ. ગણેશગિર	ઉર્ફે નિરંજન દેવ.	આનંદવાર	સદર

દિ. જવાહિરવનની સહી પોતે દિ. ગણેશગિરની સહી પોતે

સહી અંગ્રેજીમાં સીગનેચર એન્ડે સરટીફીકેટ મરાઠી કેરેક્ટરમાં.

જીલ્લા કાગડા મુલ્ક પંજાબ મુકામ જવાલામુખીના થાણાપતિ.

દિ. ચંદનપુરી ચેલા સ્વામ કાર્તિક ભુરવાર જ્વાલામુખી.
ઉર્ફે નિરંજનદેવ

ચંદનપુરી સહી પોતે.

છન્નુલાલ પટવારી કસ્બે હરદ્વારના રૂબરૂ ચંદનપુરીએ પોતાના હાથે દસ્કતથી સહી કરી છે. મુકામ હરદ્વાર નિરંજની અખાડાની હવેલી.

તારીખ ૧૭ અકટોબર સન ૧૯૦૩ ઇસ્વી.

મારા રૂબરૂ ચંદનપુરીએ પોતાના હાથે સહી કરી છે. નીરંજની અખાડાની હવેલીમાં મુ. હરદ્વાર દા. પોતે તારીખ ૧૭–૧૦–૧૯૦૩.

જોઇન્ટ સ્ટોક કંપનીનો સીક્કો.

સહી રસિકલાલ
સહરાનપુર શેસનકોર્ટ ઓફીસર
રહેવાસી જ્વાલાપુર દા. ખુદ.

નાગા ગોસાઈ શ્રી નિરંજની અખાડાની પંચાયતી જમાતનો કાયદો.

કલમ ૧. આ જમાતનું નામ પંચાયતી અખાડો શ્રી નીરંજની નાગા ગુસાઇ અથવા ફીરકા (મંડળી) છે.

કલમ ૨. આ જમાતમાં નીચે લખેલા છે (હરજેલ) તે સામેલ છે.

(અ) ભંડારી યાને ચેલો દશનામી જો જમાતમાં દાખલ થયેલો હોય પરંતુ તેને નાગા તરીકે મુકરર કર્યો ના હોય.

(બ) નાગા અને ભંડારી કે જેનું વર્ત્તન વિશ્વાસ લાયક માનવામાં આવેલું હોય અથવા તે ભંડારી પણાની સેવામાંથી અલગ કરીને તેને જમાતની સાથે ફરવાનો અગર આરામ લેવાનો હક આપ્યો હોય.

(ક) મહંત યાને જે સખ્સ હવે પછી કુલ. જમાતના લોકોને અધીકતર પ્રિય હોય અને બહુજ સારો બંદોબસ્ત કરના વાળો મુકરર કરવામાં આવ્યો હોય તે.

(ડ) કારભારી અને સઘળી જમાતના મતો વધારે મળવાથી ઉપર કહેવામાં આવેલા મહંતોના હાથ

નીચે કામ કરવાવાળો (આસીસ્ટંટ) મુકરર કરવામાં આવે તે.

(૪) થાણુાપતિ યાને જેમને ઉપર લખેલા મહંતોએ હરએક અખાડાના વાસ્તે પોતાના તાબામાં થાણુાપતિ મુકરર કરેલા હોય.

(૬) આસનધારી યાને મુકામ કાશી શીવાલાઘાટ અથવા મુકામ માયાપુરી હરિદ્વાર તથા મુકામ માંડામાં જમાતના ખર્ચથી રહીને ગુજરાન ચલાવે છે અને ફક્ત પ્રાર્થના કર્યા કરે છે, અને પોતાની ખુશીથીજ અખાડાનું અને જમાતના કારોબારનું કામ પણ કરતા રહે છે તે.

કલમ ૩. જમાતમાં દાખલ થવાની રીતી.

કોઇપણ સખસ મઠ યા મઢીનો દશનામી ચેલો હોય તે જમાતમાં દાખલ થઈ શકે છે. આ સતપરની જમાતના મહંતોના અખાડામાં ઝડતી આપે અને પોતાનો સર્વ માલ રોકડ (નગદી) અને સામાન, મીલકત, જે કાંઇ હોય તે અખાડામાં આપી દે, અને પોતાની માલીકી પણુાના હક રદ કરી નાંખે અને અખાડામાં એ પ્રમાણે કસમ (સોગન્દ) ખાએ કે જે નગદ રકમ, સામાન, જાગીર, વીગેરે કોઇપણ જાતની અને જેટલી હોય, અગર હવે પછીથી મળે, તેની અને ખુદ મહન્તથી અગર અખાડાના વસીલાથી એકઠી કરે એ સઘળી અખાડાની છે, અને થશે. અને તે માલ ઉપર તેના કોઇપણ વારસનો અગર ચેલો જે તેણે પોતાની

હયાતીમાં કાયમ કર્યો હોય તેનો કોઇપણ પ્રકારે હક યા દાવો નહી રહે. પછી તે અખાડામાં હોય અગર ના હોય, પરંતુ એવો માલ વારસમાં આપવામાં આવશે નહિ. પણ તે અખાડાની ખેરાતમાં વાપરવામાં આવશે. તથા તેને અખાડાની જમાતના સઘળા કાયદાઓનો નિયમ લાગુ પડશે.

ભંડારી.

કલમ ૪. જે સખસ ઉપર કહ્યા પ્રમાણે જમાતમાં દાખલ થાય તેના ઉપર જ્યાં સુધી તેની ચાલ ચલગત ઉપર ભરોસો નહિ આવશે ત્યાં સુધી અખાડાના મહંત જ્યાં સુધી તેને (નાગો) મુકરર કરે નહિ ત્યાં સુધી તે ભંડારીમાં રહેશે, અને ભંડારી કેહેવામાં આવશે. અને તે અખાડાના મહંતોની સુચના અનુસાર ભંડારીનું કામ કરતો રહેશે, અને તેને અન્નવસ્ત્ર જમાતમાંથી મળશે. એ પ્રમાણે હમેશાં ચાલતું થતું આવેલું છે.

નાગા.

કલમ ૫. હરએક ભંડારીના ઉપર જ્યારે તેનો વર્તાવ સારો હોવાનો ભરોસો થઇ જાય ત્યારે જમાતના અખાડાના મહંતોના મતને અનુસરી ભંડારીને નાગો મુકરર કરવામાં આવશે, અને તે બીજા નાગા લોકોની માફક જમાતની સાથે ફરવામાં તથા મુકામોપર સાથમાં સામીલ રહેશે; અને જમાતની સાથે ભોજન કરશે. તથા મુસાફરીમાં જે કાંઇ મળશે તે બીજી જમાતોના લોકોની માફક જમાતમાં દાખલ કરશે. અને તે હરએક બાબતમાં મહંતોને તાબે રહેશે. અને એજ માફક હમેશાંથી ચાલતું આવે છે.

મહન્ત.

કલમ ૬. જમાતના લોકોની ચાલતી આવેલી રીત પ્રમાણે સદર જમાતના નાગાઓ-માંથી આઠ મેહન્ત મુકરર કરવામાં આવે છે. તેમાં ચાર આનંદવાર અને ચાર ભુરવાર સંપ્રદાયમાંથી કાયમ કરવામાં આવે છે. અને એવીજ રીતે હમેશાંથી કાયમ કરવાનું ચાલ્યું આવે છે. એ પ્રમાણેજ હમેશાં મુકરર કરવામાં આવતાં આવતાં નીચે પ્રમાણે જે હાલમાં તમામ જમાતનો બંદો-બસ્ત કરવાવાળા મ્યાનેજરો જમાતનાં કામકાજ અગર તેની પુંજાનો ઉપભોગ કરશે. અને તેમનીજ જમાતનાં સઘળાં ફંડોમાં સત્તા (માલિકી) છે.

મહંતોનાં નામ.	તેમનો પતો.	સંપ્રદાય.
૧. મહંત જસવંતગિર	ચેલા સ્વામ કાર્તિક	આનંદવાર
૨. મહંત જયરામભારતી	ઉર્ફે નિરંજનદેવ.	ભુરવાર
૩. મહંત માહાદેવગિર	,,	આનંદવાર
૪. મહંત ગણેશપુરી	,,	ભુરવાર
૫. મહંત મૌજગીરી	,,	આનંદવાર
૬. મહંત નારાયણપુરી	,,	ભુરવાર

૭. મહંત મહેશગિરી	,,	આનંદવાર
૮. મહંત માહાદેવપુરી	,,	ભુરવાર

કારભારી.

કલમ ૭. આ જમાતના સઘળા મેંબરોની રીતી અનુસાર (મતાધિકય) થી નાગાની જમાત પૈકી હમેશાંની રીતી મુજબ આનંદવાર સંપ્રદાયમાંથી ચાર અને ભુરવાર સંપ્રદાયમાંથી ચાર મળીને આઠ કારભારી ચુટી કાઢવામાં આવશે, અને મુકરર કરવામાં આવશે. એ નિયમને અનુસરીને નીચે લખ્યા પ્રમાણે, અને હાલમાં કામ કરે છે તે આઠ કારભારીઓ ઉપર કહેલા આઠ મહંતો-માંથી હરએકને ખાનગી મદદગાર અને નાયબ (આસિસ્ટંટ) એ પ્રમાણે કામ કરે છે. અને તેઓ તે મહંતોની આગ્ના અને મર્જી પ્રમાણે કામ કરે છે. યાને પ્રત્યેક એક એક મહંતના હાથ નીચે એક એક કારભારી છે.

કારભારીયોનાં નામ.	પતો.	સંપ્રદાય.
૧. દિ. ભાગગિર	ચેલા સ્વામ કાર્તિક	આનંદવાર
૨. દિ. રાજેન્દ્રભારતી	ઉર્ફે નિરંજનદેવ.	ભુરવાર

૩.	દિ. મિસરીગીરી	,,	આનંદવાર
૪.	દિ. ભીમુવન	,,	ભુરવાર
૫.	દિ. લછમનગિરી	,,	આનંદવાર
૬.	દિ. જાલમપુરી	,,	ભુરવાર
૭.	દિ. જદુનાથગિરી	,,	આનંદવાર
૮.	દિ. ગુલાબપુરી	,,	ભુરવાર

થાણાપતિ.

કલમ ૮. ઉપર કહેવામાં આવ્યા તે આઠ મહંતોના અભિપ્રાય અને વધુ મતે થશે જે હરએક અખાડાના મુકામનો બંદોબસ્ત અને દેખરેખ તથા મીલકત તેમજ જમાતનો સામાન તથા સિલ્લકનો ઉપયોગ કરવો, તથા અખાડાનાં બીજાં કામકાજો કરવાં. સદર નાગાઓની જમાતમાંથી મુકરર થઈને જેની જ્યાં જરૂરીયાત હોય ત્યાં કાયમ થાય છે. અને પરા પૂર્વથી એ પ્રમાણેજ થતું ચાલ્યું આવ્યું છે. અને મહંતોના રીવાજ પ્રમાણે જે અખાડાના મુકામોમાં થાણાપતિમુકરર કરવામાં આવેલા છે, તેઓ હાલમાં હયાત છે અને કામ કરે છે. તેઓને જ્યાં જેની જરૂરીયાત હશે ત્યાં મોકલી દેવામાં આવશે.

મુકામ.	થાણાપતિ.	પતો.	સંપ્રદાય.
દારાગંજ શહેર.	દિ. ગોપાલભારતી	ચેલા સ્વામ કાર્તિક	ભુરવાર

ઇલાહાબાદ		ઉૐ નિરંજનદેવ.	
,,	દિ. રામપુરી	,,	,,
,,	દિ. તરવેનીગિરી	,,	આનંદવાર
,,	દિ. આંગદવન	,,	ભુરવાર
,,	ધ્યાનગિરી	,,	આનંદવાર
,,	તુલસીપુરી	,,	ભુરવાર
,,	મહંત હરદ્વારગિરી	,,	આનંદવાર
,,	દિ. બાલગીરી	,,	સદર
માંડા પ્રગણે	દિ. તરવેનીગિરી	,,	સદર
ખેરાગઢ જીલ્લા			
ઇલાહાબાદ	દિ. બુધપુરી	,,	ભુરવાર
,,	દિ. બીહારીપુરી	,,	,,
,,	દિ. ગોપાલગીર	,,	આનંદવાર
,,	દિ. સોમવારભારતી	,,	ભુરવાર
માયાપુરી જીલ્લે	દિ. જગદિશભારતી	,,	,,
સહરાનપુર	દિ. નારાયણગીરી	,,	આનંદવાર
,,	દિ. ગંગાપુરી	,,	ભુરવાર
,,	દિ. માધવગીરી	,,	આનંદવાર

૫

	દિ. પ્રેમપુરી	,,	ભુરવાર
,,	દિ. સોમવારગીરી	,,	આનંદવાર
,,	દિ. શિવદત્તપુરી	,,	ભુરવાર
,,	દિ. રામચંદ્રગીરી	,,	આનંદવાર
,,	દિ. દયાપુરી	,,	ભુરવાર
ગોયા દરવાજા શહેર વડોદરા.			
સિદ્ધનાથ મહાદેવ	દિ. સોમવારગીરી	,,	આનંદવાર
શહેર વડોદરા. કરનાલી રાજ્ય વડોદરા.	દિ. ગૌરીગીર	ચેલા સ્વામ કાર્તિક ઉર્ફે નિરંજનદેવ.	આનંદવાર
શિવાલાધાર જીલ્લે બનારસ	દિ. માહાદેવગીરી	,,	,,
	દિ. સોમવારપુરી	,,	ભુરવાર
,,	દિ. મુરલીગીરી	,,	આનંદવાર
,,			
હસ્તિમાતા રાજ ઉદયપુર	દિ. મોહનગીરી	,,	,,
[illegible] જીલ્લે નાસિક	દિ. હુકમપુરી	,,	ભુરવાર

ઓંકાર જીલ્લે ખંડવા	મહંત ગણેશપુરી	,,	,,
,,	મહંત કૈલાસગીરી	,,	આનંદવાર
જવાલામુખી જીલ્લે	દિ. ચંદનપુરી	,,	ભુરવાર
કાગડા મુલક પંજાબ			

આસનધારી.

કલમ ૯. જે નાગા આ જમાતમાં મુકામ શીવાલા ઘાટ જીલ્લે બનારસ (કાસી) માં અગર માયાપુરી હરદ્વાર જીલ્લે સહરાનપુરની આ જમાતમાં અગર મુકામ માંડા પરગણે ખેરાગઢ જીલ્લે ઇલાહાબાદમાં થોડા દિવસ રહે છે. અને દેવ પુજા કરે છે, અને તે આસનમાં જમાંના ફંડ (સિલક) માંથી ભોજન કરે છે, તેમને આસનધારી કેહેવામાં આવે છે. અને આ જમાતની તરફથી તેમને રેહેવા અને ગુજરાન કરવાને માટે ઉપર કેહેવામાં આવ્યાં તે આસનો કાયમ કરેલાં છે, અને તેમનું ખર્ચ જમાતની સિલકમાંથી થાય છે. કોઇપણ નાગો આસનધારી થવાને ચાહે તો ૧૧૧ એકસો અગીઆર રૂપીયા સદર જમાતમાં આપે. રૂપીઆ આપ્યા પછી આસનધારી થાય છે. અને જે આસનધારી થશે તેમણે જમાતના કાયદા પ્રમાણે રહેવું, અને ચાલવું જોઇએ. અને તે નિયમ સઘળા આસનધારીઓના તરફથી પાળવામાં આવે છે. પરંતુ તે સિવાયના તે આસનધારી પોતાની ખુશીથી આસનનો સંબંધ જુદો રાખશે તો તેને

જમાતના સંબંધમાંથી કમી (અલગ) કરવામાં આવશે. તેથી તે જમો (અનામત) રાખેલા ૧૧૧ એકસો અગીઆર રૂપીયા તેને પાછા મેળવવાને પાત્ર તે થશે નહિ. (ડીપોઝીટ રાખેલા રૂપીયા મળશે નહિ).

હાલમાં આસનધારીઓ જે પોત પોતાનું કામ કરી રહેલા છે તેમનાં નામો નિચે લખ્યા પ્રમાણે.

આસનનું નામ.	આસનધારીનું નામ.	પતો.	સંપ્રદાય.
માંડા પ્રગણે ખેરાગઢ જીલ્લે ઇલાહાબાદ	દિ. સોમવારગીરી	ચેલા સ્વામ કાર્ત્તિક ઉર્ફે નિરંજનદેવ	આનંદવાર
,,	દિ. મોતીપુરી	,,	ભુરવાર
,,	દિ. લછમનગીરી	,,	આનંદવાર
,,	દિ. શંભુગીરી	,,	,,
,,	મહંત તેજનારાયણભારતી	,,	ભુરવાર
,,	મહંત નરમદાગિરી	,,	આનંદવાર
,,	મહંત ભગવાનગીરી	,,	,,
,,	દિ. ભૈરવગિરી	,,	,,
,,	મહંત મંગલગીરી	,,	,,

માયાપુરી હરદ્વાર જીલ્લે સહરાનપુર	દિ. ગુલાબભારતી	,,	ભુરવાર
,,	મહંત દિરગીરી	,,	આનંદવાર
,,	દિ. પુરણગીરી	,,	ભુરવાર
,,	દિ. કાશીપુરી	,,	,,
,,	દિ. નરહરગીરી	,,	આનંદવાર
શિવાલાઘાટ શહેર બનારસ.	દિ. વેનીપુરી	,,	ભુરવાર
,,	દિ. દામગીરી	,,	આનંદવાર
,,	દિ. મહંત દાનપુરી	,,	ભુરવાર
,,	દિ. ગંગાગીરી	,,	આનંદવાર
,,	મહંત લછમનપુરી	,,	ભુરવાર
,,	દિ. આદિતગીરી	,,	આનંદવાર
,,	દિ. નારાયણગીર	,,	,,
	દિ. સુખલાલગીરી	,,	,,

સેક્રેટરી.

કલમ. ૧૦. પાછળ બતાવેલા આઠ મહંત પોતાના વધુ મતથી જમાતના મહંત, આસનધારી, કારભારી, અને તે પૈકી બીજાઓપર ફરીયાદ કરવાને માટે અગર પ્રતિવાદી થવાને માટે ચાર સેકરેટરી કાયમ કરશે. અને કાયમ કરતા રહેશે. એ પ્રમાણે ચુંટી કાઢવામાં આવેલા દરેક સખસને સેકરેટરી કહેશે અને હાલમાં પણ સેકરેટરી કહે છે.

(અ.) પંચાયતી અખાડો શ્રી નીરંજની નાગા ગુસાઇએ જમાતના તરફથી સર્વ ફરીયાદી અને જમાતના તરફથી કરવામાં આવેલી સઘળી અરજીઓ (દરખાસ્તો) હવે પછી એક અગર વધારે અગર સઘળા સેક્રટરીઓના તરફથી ચલાવવામાં આવશે. અને જ્યારે જ્યારે સદર અખાડાના વિરૂદ્ધ બીજી પણ એકાદી ફર્યાદ ચલાવવી હશે અગર દરખાસ્ત કરી હશે તો તે ફરીયાદ અગર દરખાસ્ત એક અગર વધારે અગર સઘળા સેક્રટરીઓના નામથી ચાલશે. (એનું સઘળી જાતનું કામ સેક્રટરીઓ ચલાવશે).

(બ.) આ જમાતના સેક્રટરીઓમાંથી એકાદ અગર સઘળા મળીને જમાતના તરફથી જે જે કાગળ પત્રો લખવા પડશે ને સઘળા લખી શકે અગર લખી શકશે. અને

તેવા કાગળ પત્રો જમાતના સેક્રટરીના સંબંધને લીધે ખુદ પોતાના નામથી પોતાનાજ અધીકારમાં યોગ્ય રીતીએ રજીસ્ટર કરીને લેઈ શકશે. પરંતુ એવા વખતપર જમાતની એસ્ટેટ કે હકમાં હરકત પોહોચે અગર હક રદ થાય અગર જમાતની માલ મતાપર બોજો આવે એવું કરારનામું યા લેખ સેક્રટરીથી એકલાએ કરવાનો બનશે નહિ. જ્યારે પણ જમાતના માલ એસ્ટેટ સંબંધી કાયમીના કરાર પત્રો બન્ને સેક્રટરીઓએ મળીને કરેલા હશે તો તે કરાર પત્ર કાયદેસીર ગણાશે.

(ક.) એ કાયદા મુજબ ઉપર બતાવવામાં આવેલી દેખરેખની બાબત અને બંદોબસ્તને માટે ૪ માણુસો સેક્રટરી તરીકે મુકરર થયા છે.

સેક્રેટરીઓનાં નામ.	પતો.	સંપ્રદાય.
મહંત નરબદાગિરી	ચેલા સ્વામ કાર્તિક ઉર્ફે નિરંજનદેવ.	આનંદવાર
મહંત તેજનારાયણભારતી	,,	ભુરવાર
મહંત હરદ્વારગીર	,,	આનંદવાર
મહંત સોમવારપુરી	,,	ભુરવાર

અધિકાર.

કલમ ૧૧. જ્યારે કોઇ પણ મહંતની ચૂંટણી, અગર જગ્યા પર મહંત કાયમ કરવો હશે ત્યારે શ્રીનિરંજની અખાડાના નાગા ગુસાઇઓની મોહોટી સભામાં આ જમાતના મેમ્બર (મુખ્યો) લોકોના સિવાય આ જમાતના કોઇ પણ મહંતને બરતરફ (મહંતાઇથી ઉતારવો) કરવો અગર કાઢી મુકવો અગર દૂર કરવો એ પ્રકારનો અખતિયાર કોઇને પણ છે નહિ. આ બાબતમાં હમેશાંના રિવાજ મુજબ મતાધિકય (વધુથતે) અમલમાં મૂકવામાં આવશે.

કલમ ૧૨. આ જમાતની મોહોટી કમીટીના વખતે મતાધિકયના માફક હરેક જમાતના મેમ્બરોના સિવાય કોઇને પણ અખત્યાર રહેશે નહિં. કે તેઓ કોઈ પણ કારભારીને કાઢી મૂકે અગર દૂર કરે, યા તેના કારભારીપણાના અખત્યારને રદ કરે.

કલમ ૧૩. જે વર્ષમાં જે ઠેકાણે કુંભી અગર અર્ધકુંભી યાત્રા ભરતી હોય તે વર્ષે તે જગો (કોઇ વખત અલાહાબાદ અને કોઇ વખત હરદ્વાર) આ નાગા મંડળના પંચાયતી અખાડા શ્રીનિરંજની ગુસાઇઓની જનરલ કમીટી (મોટી સભા) ભરાય છે, પરંતુ જ્યારે જરૂરીયાત હોય ત્યારે કોઇ પણ જગોએ કોઇ પણ વખતે અખાડાની જનરલ કમીટી ભરવાનો જમાતને અખત્યાર છે.

કલમ ૧૪. કાયમ કરવામાં આવેલા મહંતપણાના હકો કલ્યા ત્યાં સુધી આ જમાતના સંબંધી સઘળી મિલકત અગર માલતાલ તથા સઘળું ફંડ તે સઘળા ઉપર દેખરેખ રાખવાની વ્યવસ્થા કરવાનું, તાબામાં રાખવાનું અને તે માફક કારોબારીઓ અને મહંત, તેમના સિવાય થાણાપતિ, ભંડારી, સેક્રેટરી, આસનધારી, અને એક નાગો એ લોકોને બરતરફ કરવાનો, નિકાલ કરવાનો અને બદલી કરવાનો અખત્યાર આપ્યો છે.

કલમ ૧૫. થાણાપતિ કે એક અગર સઘળા સેક્રેટરી કોઇને પણ પૂછ્યા સિવાય કોઇને પણ કરજાઉ નાંણાં આપવાં અગર ગીરો પર નાણાં આપવાં, વેચાણ લેવું, અગર પટે લેવું વિગેરે કાંઇ પણ અધિકાર નથી.

કલમ ૧૬. કારોબારીઓને કોઇપણ મહંતની જગો ખાલી હોય તો જ્યાં સુધી બીજો મહંત તે જગા પર કાયમ ન થાય ત્યાં સુધી તે મહંતનો કારભારી તે મહંતની જગો ઉપર કાયમ ગણ્યોજ જાય, અને મહંતનો સઘળો અધિકાર વાપરી શકશે.

કલમ ૧૭. થાણાપતિ લોકો પોત પોતાનાં મુકરર કામો જે જે વખતે તેમને સોંપવામાં આવે ને તે પોતાના મહંતોના હાથ નીચે અને દેખરેખની નીચે રહીને પછીથી તે પોતાના મુકામ ઉપર અગર અખાડાનો મુકામ હોય અગર બીજી જગોએ મુકામ હોય ત્યહાં અમલ કરે. અને તે મહંતોના તરફથી પોતાના કામના જોખમદાર રેહેશે.

કલમ ૧૮. સૈક્રેટરી લોકોના જે અધિકારો પાછળ લખવામાં આવેલા છે એ બધા છે, અને વારંવાર તેમને મહંત જે જે અધિકાર આપે તે સઘળા અધિકાર છે.

કલમ ૧૯. કોઇપણ ચીજના બાબત અથવા કોઇપણ દસ્તાવેજના બાબત મહંત એક મહંત અગર સઘળા મહંતો અગર થાનાપતિ અગર સઘળા થાણાપતિઓ અગર કોઇપણ નાગા ગુસાઇને દશનામી ગુસાઇ સન્યાસિ યા મઠ કે મઢી એ પૈકી કોઇપણ એકથી અથવા બે નામથી મેળવવામાં આવેલી અગર આગળ જે મેળવવામાં આંવે તે કોઇપણ પ્રકારની એસ્ટેઇટ બાગ, ઘર, ચીજો, માલતાલ, તેવીજ તરેહથી રાજા રજવાડા, ગૃહસ્થ એઓએ આપેલી નેમનુક અને ચાલુ ફંડમાંથી આવવાવાળાં ઉત્પન્ન પણ સઘળાં હાલના ફંડમાં સામેલ કરવામાં આવશે. એ માલતાલ, ચીજ, ફંડ રોકડ (નગદી) કે જે ચીજો ગીરવી સ્થાવર જંગમ એસ્ટેટ બાગ બગીચા એ સર્વ શ્રીનિરંજની પંચાયતી અખાડા (નાગા જમાત ગુસાઇ) તેનું થશે, અને તે સર્વ ધર્માદાય ખર્ચ કરવાને વાસ્તે છે. અને ઉપર કહ્યા તે નાગા જમાતના કોઇ પણ ગુસાઇ પૈકી કોઇ પણ એક સખ્સની સદર સ્ટેટ ખાનગી નથી તેમજ થશે નહિ.

કલમ ૨૦. કોઇ પણ ચીજને માટે અથવા કોઇ પણ દસ્તાવેજને માટે એક મહંત અથવા સઘળા મહંત અગર થાણા-

પતિ અગર સઘળા થાણાપતિઓ અગર કોઈ નાગા ગુસાઇના નામથી લખાયેલા હોય, અગર કોઇ પણ બીજો સખસ (જેને અખત્યાર નથી) તે પૈકી કોઇના પણ નામની કોઇ પણ મીલકતમાં અગર કાગળ પત્રમાં કપટથી (દગાબાજીથી) નોંધ કરવામાં આવી હોય તો તેને અથવા તેઓને કોઇ પણ મીલકત પર અગર ઉપર બતાવેલા કાગળપત્રોપર હક કરવાને સમર્થ બનાવશે નહિ. અગર તે નોંધથી તેનો માલિકીનો હક પોહોચશે નહિ.પરંતુ કોઇ પણ ગુસાઇને અગર બીજા સખસના નામપર કહેલામાં આવ્યું તે તરેહની માલ મીલકત યા જે કાંઈપણ હશે, તોપણ તે કાગળપત્ર યા માલ તાલ જમાતના હીતને માટે કરવામાં આવી છે એવું સમજવામાં આવશે. કેમકે એવી રીતીથી જમાતનું કામ અખાડાના મહંત, થાણાપતિ, ગુસાઇ, અને આસનધારી એઓના નામથી ચાલે છે. પરંતુ એવા કાગળ પત્રો અને માલ મીલકત જે સર્વ જમાતની માલીકીની છે અને જમાતનીજ છે.

કલમ, ૨૧. થાણાપતિ અગર એક અથવા વધારેને સેક્રેટરીની પરવાનગી સિવાય અધિકાર નથી કે, કોઇપણ સખસોને કાંઈપણ નફાથી અગર નફા સિવાય કરજાઉ નાણાં લે અગર આપે, અગર કોઇપણ મીલકત ખરીદ કરે અગર કોઇપણ મિલકત ધરાણે રાખે અગર કોઇપણ ચીજ ઉપર કબજો કરે. અગર કોઇપણ મિલકતનો ટેકો લે. અ-

મર કોઇપણ બીજનો આમન આમન બદલો કરે. કેમકે એવો કોઇપણ બદલો અગર કરજનો દસ્તાવેજ અખા-ડાના એક અગર વધારે થાનાપતિ, આસનધારી અગર સેક્રેટરી યા કારભારી, યા મહંત, અગર નાગા જમાત મજકુરના નામથી લખવામાં આવશે. પરંતુ લેવડ દેવડ કરવાવાળો હરકોઇ પણ સખ્સ હોય તથાપી પણ અદ-લા બદલીનો અગર લેવા દેવાનો મુખ્ય માલિક તે સ-ખસ થશે નહિ. પણ અસલ માલિક શ્રી નિરંજની અખાડાના ગુસાઇઓની જમાત છે.

મનાઇઓ.

કલમ. ૨૨. કોઇપણ મહંત અગર થાણાપતિ અગર આસનધારી અગર સન્યાસી ગુસાઇ જે અખાડામાં દાખલ છે. તેમણે નીચે લખ્યા પ્રમાણે વર્તાવ કરવાની યા કામ કરવાની મનાઇ છે.

(અ) કોઇપણ પ્રકારની મીલકત અગર માલ અગર સામાન અગર નગદી રકમ (સિલ્લક) યા ચીજ અથવા અખાડાના હક ખરાબ કરવા અગર લેઇ લેવા અગર ખોટા કરવા અગર અખાડાની ઇચ્છા વગર, વગર જરૂરે વાપરવા.

પ્રથમ શર્ત એ છે કે જો કોઇપણ મિલકતમાં ન-ફાને બદલે નુકશાન માલુમ પડતું હોય તો તેને ચાર થાણાપતિઓ અને બે સેક્રેટરીઓ મળીને

બદલી શકે છે. અને જ્યાં ચારથી ઓછા થાણા-
પતિઓ હોય ત્યાં જમાતના ઓપીસર આઠ મહં-
તોની મંજુરીથી બદલો કરે.

(ખ) આમદાનીથી વધારે ખર્ચ કરવો.

(ક) શ્રી નિરંજની પંચાયતના વિરૂદ્ધ એકાદિ સ્ત્રી
લાવવી, અગર પુત્રોત્પત્તિ કરવી, અગર સદર રી-
તીના વિરૂદ્ધ કોઈપણ પ્રકારનું કામ કરવું.

(ડ) અખાડાની સંમતિ વિના કાંઈપણ બીજો રોજગાર
ધંધો કરવો

(ઇ) પોતે ચેલો મૂડીને જમાતમાં દાખલ કરવો

(ફ) પોતાના ધર્મના સિવાયનો બીજો ધર્મ સ્વીકાર
કરવો.

(ગ) અખાડાની મુખ્ય જગા યા ઉપશાખા(બીજી જગા)
તોડવી.

(હ) ફરવું (દેશાટન) કરવું બંધ કરવું,

કલમ. ૨૩. મુખ્ય ઠેકાણું ઇલ્લાહાબાદમાં ૧ રજીષ્ટર રહેશે. જેમાં
મહંત અને થાણાપતિ તથા સેક્રેટરી અને કારભારી તથા
આસનધારી, જે અખાડામાં દાખલ છે તેમનાં નામ
તેમનાં તેમનાં ઠેકાણાની સાથે રહેશે, અને મુઆ પાછળ
અગર અખાડો છોડવા પછી મૃત્યુ તિથી તથા અખાડાનો
સંબંધ તેમના નામની સામે લખવું.

કલમ. ૨૪. ઉપર કહેલા નિયમ (કાયદા) થયાના પહેલાં જે કામો શરૂ કર્યાં છે, અગર પુરાં થયાં છે તે સઘળાં આ કાયદા મુજબ થયાં છે એવું માનવામાં આવશે.

કલમ. ૨૫. જ્યાં સુધી બીજો કાયદો નહિ કરવામાં આવે ત્યાં સુધી આ કાયદો ચાલુ રહેશે.

કલમ. ૨૬. આ કાયદો નાગા જમાતની જનરલ કમીટી કરીને બહુમતો વડે પાસ કરવામાં આવ્યાથી લખવામાં આવેલો છે અને બીજો કાયદો સેક્રેટરી, સેક્રેટરીઓના કાયમ કરવાના સિવાયનો, અને તેના અધિકારનો હમેશાંથી જમાતમાં ચાલ્યો આવે છે અને લાગુ છે.

કલમ. ૨૭. તમામ મહંત, થાણાપતિ અને આસનધારી, તથા કારભારી અને સેક્રેટરી જે વખતસર હાજર હોય તેને અખત્યાર છે કે અખાડાની અને મિલકતની સારી વ્યવસ્થા કરવી તથા અખાડાની બાબતનાં કામોમાં હરેક વખતે આવા કાયદા દાખલા બનાવે, અથવા ફેરફાર કરે અથવા દુરસ્ત કરે કે જે આ અખાડાને નુકશાન કરવાવાળા ના હોય.

૧. સોમવાર પુરી સહી. દા. પોતે

૧. મહંત તેજ નારાયણ ભારતી દા. પોતે
મહંત નરબદાગીર સહી. દા. ખુદ. (પોતે)
વીગેરે.

ખરી નકલ.
અંગ્રેજી સહિ.
આઇ. સી. એસ.

રજીસ્ટાર.

જોઇન્ટ સ્ટોક કંપની યુનાઇટેડ પ્રોવીનસીઝ

તર્જુમો કરનાર મુન્સી ઇનાયતુલ્લા મમદુમિયાં નિ. સરકાર

સહી. સન ૧૯૧૦ તા. ૧૨–૧૧. ઇસ્વી.

ગુજરાતીમાંથી હીન્દીમાં કર્યો તારીખ. ૨૪–૧૧–૧૯૧૦

શ્રી નિંબાસાચાર્ય શાસ્ત્રી

સાધુ માહા વિદ્યાલય વડોદરા.

જમાતના ઠરાવ.

સન ૧૯૦૪ ઇસ્વીના જાનેવારી મહીનાની ચોથી તારીખે સન ૧૮૬૦ ની ૨૧ મી કલમ માફક નોંધેલા નાગા ગુસાઇ જાતના પં-ચાયતી અખાડા શ્રી નીરંજની જમાતની દરખાસ્તના તેરમા નિયમની માફક આ જમાતના સભાસદોની જનરલ સભામાં પાસ કરવામાં આવેલા ઠરાવો સદર સભા સન ૧૯૦૬ ઇસ્વીસનના ફેબરૂવારી મહી-નાની ૮ મી તારીખે ગંગાનદિને કિનારે ઇલાહાબાદમાં કુંભ માઘ મેળાના વખતે ભરેલી હતી.

હાજર રહેલાઓ.

મહંત નર્મદાગીરીજી અખાડાના સેક્રટરી અને અધ્યક્ષ.

૧ મહંત જસવંતગીરિજી	૨ મહંત માહાદેવગીરી
૩ મહંત પુરણભારતીજી.	૪ મહંત જાલમપુરીજી
૫ મહંત મૌજગીરીજી	૬ મહંત ગંગાપુરીજી
૭ મહંત મહેશગીરીજી	૮ મહંત ગણેશપુરીજી
૯ ભાવાગીરજી કારભારી	૧૦ દિ. મીશ્રીગીરજી
૧૧ રાજેન્દ્રભારતી	૧૨ દિગંબર સોમવારગીરીજી
૧૩ દિ. લછમનગીરીજી	૧૪ દિ. ગુલાબપુરીજી
૧૫ દિ. જદુનાથજી	૧૬ દિ. આનંદવનજી
૧૭ મહંત સોમવારપુરીજી સેક્રટરી	૧૮ મહંત તેજનારાયણભારતી સેક્રટરી
૧૯ મહંત લછમનપુરીજી આસનધારી	૨૦ મહંત મંગળગીરજી
૨૧ મહંત વીરગીરીજી	૨૨ મહંત પુરણગીરીજી
૨૩ દિ. સોમવારગીરીજી આસનધારી	૨૪ દિ. બેનીપુરીજી
૨૫ દિ. ગોપાળભારતી થાનાપતિ	૨૬ દિ. સુંદરપુરીજી થાણાપતિ

૨૭ દિ. પ્રેમભારતીજી થાનાપતિ
૨૮ દિ. શંભુગીરજી થાણાપતિ
૨૯ દિ. ગુલાબગીરજી થાણાપતિ
૩૦ દિ. તુલસીપુરીજી થાણાપતિ
૩૧ દિ. ગોપાલગીરજી થાણાપતિ
૩૨ દિ. શિવરતનગીરીજી આસનધારી
૩૩ દિ. નારાયણગીરજી થાણાપતિ
૩૪ દિ. સુરજગીરજી થાણાપતિ
૩૫ દિ. વિહારીપુરીજી થાણાપતિ
૩૬ દિ. લછમનગીરીજી થાણાપતિ
૩૭ દિ. દર્યાવપુરીજી નાગા
૩૮ દિ. મંગલપુરીજી નાગા
૩૯ દિ. મનસાપુરીજી નાગા
૪૦ દિ. સોમવારપુરીજી નાગા
૪૧ દિ. હીરાપુરીજી નાગા
૪૨ દિ. ગંગાગીરીજી નાગા
૪૩ દિ. સોમવારગીરજી નાગા
૪૪ દિ. તેજગીરીજી નાગા
૪૫ દિ. બુધગીરીજી નાગા
૪૬ દિ. મોહનગીરીજી નાગા
૪૭ દિ. ગંગાગીરીજી નાગા
૪૮ દિ. ભવાનીગીરજી નાગા
૪૯ દિ. કેદારગીરજી નાગા.

અને બીજા ૧૫૦ એકસો પચાસ મેમ્બર લોક.

૧. મહંત સોમવારપુરીજી સેક્રટરીએ સુચના આપી એ પ્રમાણે મહંત મંગળગીરીજી એ અનુમોદન આપ્યું જેથી મહંત નર્મદાગીરીજીને અધ્યક્ષ તરીકે પસંદ કરી ચૂંટી કાઢ્યા.

૧. મહંત જસવંતગીરીજી
૨. મહંત જયરામભારતી
૩. મહંત મહાદેવગીરી
૪. મહંત ગણેશપુરી
૫. મહંત મોજગીરી
૬. મહંત નારાયણપુરી
૭. મહંત મહેશગીરી
૮. મહંત માહાદેવપુરી.

૨. જમાતની દરખાસ્તની ચોથી કલમમાં કહ્યા મુજબ આ બાજુ પર લખવામાં આવ્યા પ્રમાણેના આઠ મહંત લોકો પૈકી (૧) મહંત જયરામભારતી, (૨) મહંત માહાદેવપુરી, અને (૩) મહંત નારાયણપુરી એ ત્રણે મહંત પેહેલેથી મૈયત થઈ ગયેલા છે એટલા માટે અખાડાના મેમ્બરો પૈકી ખાલી જગાઓ ભરવાને સારૂ બીજા ત્રણ સખસોને મહંત ચુંટી કાઢવા એવી સુચના સેક્રેટરી સોમવારપુરીજી એ કરી પછી મહાદેવગીરીજી એ તેને અનુમોદન આપ્યું.

ઠરાવઃ—(૧) મહંત જયરામભારતીની જગો ઉપર દિ. પુર્ણભારતી
(૨) મહંત મહાદેવપુરીની જગા ઉપર દિ. ગંગાપુરી.
(૩) મહંત નારાયણપુરીની જગા ઉપર દિ. જાલમપુરી એમને મુકરર કરવામાં આવ્યા છે.

(૩) જોકે જાલમપુરીજીને અખાડાના એક મહંતની જગામાં મુકરર કરેલા છે તેથી તેમની કારભારીની જગો ખાલી છે. અને ભીમવન કારભારીએ પોતાની જગાનું રાજીનામુ પેહેલેથીજ આપી દીધું છે. તો એ બન્ને આસામીઓની જગાએ બીજા બે સખસોને ચુંટી કાઢવા એ પ્રમાણે મહંત જસવંતગીરીજીએ સૂચવ્યું અને તેને શિવરતન ભારતીએ અનુમોદન આપ્યું.

ઠરાવઃ— જાલમપુરીની જગોએ દિગમ્બર સોમવારપુરી અને ભીમવનની જગોપર દિગંબર આનંદવનને કારભારી તરીકે મુકરર કરવા.

(૪) આ જમાતની દરખાસ્તની ત્રીજી કલમમાં કહ્યા પ્રમાણે આજ સુધી નાસિક જીલ્લાના ત્રંબકની કોલાપુર ઉપશાખા (નાની સભા) હતી. તે તેમાંથી જુદી કરીને આ અખાડાની સ્વતંત્ર શાખા કરવી એવું મહંત ગણેશપુરીએ સૂચન કર્યું અને મહંત મહાદેવગીરજીએ અનુમોદન આપ્યું.

ઠરાવઃ— કોલાપુર એ 'અખાડાની સ્વતંત્ર અને પ્રત્યક્ષ શાખા (જમાત) છે એવું જાહેર કરવું.

દક્ષિણીમાંથી હીંદી નકલ તા. ૨૪–૧૦–૧૦

શ્રીનિંબાસાચાર્ય શાસ્ત્રી.

આંગ્લ મહાવિદ્યાલય વડોદરા.

કા. એક રૂપીયો. ૧—૦—૦

તા. ૩૦ મી એપ્રીલ સને ૧૯૦૯ ગોસાઇ મહંત માહારાજ દત્તગીરજી મોહનગીરજી મોજે અસારવા નીલકંઠ માહાદેવના તા. દસક્રોઇ હા. પુરણગરજી અમદાવાદના માણેકચોકના સણંદી હીમતલાલ મોતીલાલ.

૧. હું દત્તગીરજી મોહનગીરજી ગાદી નશીન મઠ નામે આખાડે સ્વામી હીરાપુરી જે અમદાવાદમાં છે તેનો મહંત છું અને નીરંજની અખાડાના નાગા ગુસાંઇઓમાંનો જેનો સદર મુકામ અલાહાબાદ ગ્રામમાં છે.

૨. આ મહંત જેનો હું ગાદી નશીન મહંત છું તે મુકામ અસારવા જીલ્લે અમદાવાદમાં તેમાં એક મંદીર નીલકંઠ માહાદેવનું છે. અને તેના કમ્પાઉન્ડમાં જ્યાં મંદીર છે ત્યાં બહુ મકાનો ગાદીના તાબે છે, અને તેમાંજ ગાદી છે.

૩. સિવાય ગાદીનાં તથા મંદિરનાં મકાનો છે. અને બીજી ઘણી મીલકત સ્થાવર જીલ્લે અમદાવાદમાં ગાદીની છે. અને ઘણી રકમો રાજા મહારાજાના તરફથી સાલાના મુકરર છે, તે ગાદી મજકુરને માટે છે. અને વળી ઘણોએક ચહાવો આવે છે, અને ઘણી રકમ સાયરથી મળે છે.

૪. આ સર્વે મીલકત અને આમદાનીનો હું ગાદી-નશીન મહંતની રાહે માલિક અને કબજેદાર છું. અને સર્વે પ્રકારની આમદાની લઇને તેને ધર્મના કામમાં તથા દશનામ ફકીરોના ગુજરાનમાં તથા ભંડારામાં આપું છું.

૫. હમેશથી એવો દસ્તુર છે કે મરનાર મહંતને ઠેકાણે અખાડે નીરંજની પંચાયતીના નાગા અખાડામાંથી કોઇ દશનામ ફકીરોમાંથી પસંદ કરીને મહંત બનાવી ગાદી ઉપર બેસાડે છે, અને તેજ માણસ મહંત અને ગાદી મજકુરનો કબજેદાર વારસ થાય છે.

૬. હમેશાંથી એવો દસ્તુર છે કે ગાદી નશીન મહંત ગાદીના કમ્પાઉન્ડમાંથી પોતાની હયાતીમાં બહાર જઇ શકતો નથી. પરંતુ તેના મુઆ પછી પણ તેજ કમ્પાઉન્ડમાં દફન થાય છે. દરેક મહંત ગાદીની મીલકતની સંભાળ અને દેખરેખ અને આમદાની લેવાને તથા ખર્ચવાને માટે શ્રી નીરંજની નાગા ગુસાઇઓના અખાડામાંથી એકને મુકરર કરતી આવે છે. જે આ કામનો લાયક હોય અને કુલ આમદાની તથા ખર્ચ અને ગાદીની મીલકતની સંભાળ તેજ મહંતની દેખરેખ નીચે રહે છે.

૭. એનું કારણ કે હું પોતે ઠરેલા કાયદા પ્રમાણે કમ્પાઉન્ડથી બહાર નિકળી શકતો નથી, અને

-તેથી આમદાની તથા ખર્ચ તથા મીલકતની દેખરેખ અને બંદોબસ્ત પોતે જાતે કરી શકતો નથી અને તેથીજ કરીને હું પોતે જે નાગાને આ કામ સોપ્યું છે તેની દેખરેખ કરી શકતો નથી તેથી ગાદીની મીલકત અને તેની આમદાની તથા ખર્ચમાં ગેર વ્યવસ્થા થયા કરે છે.

મેં પોતાના શ્રી નીરંજની અખાડાના ગુસાઇઓને આ વાત ઉપર રાજી કર્યા છે, કે તે ગાદીની મીલકત તથા આમદાની તથા ખર્ચનો બંદોબસ્ત પોતાના માથે લઇ જે નાગાને તે ચાહે તેને પોતાની સંમતીથી પોતાની જવાબદારી ઉપર કાયમ કરે અથવા પંચ પોતે બંદોબસ્ત કરે અને આયંદા તકરારો દુર કરવાને માટે ગાદીનસીનીનો કદીમ દસ્તુર લખવા યોગ્ય તથા મુનાસબ છે. તેથી હું મારી રાજીખુશીથી નીચે પ્રમાણે ઇકરાર કરૂં છું અને જાહેર કરૂં છું.

૧. મારા મરણ પછી તે માણસ ગાદીની મીલકતનો કબજેદાર અને મારી કાયમ મુકામ થયે જેને શ્રી નીરંજની પંચાયતી નાગાનો અખાડો મુકરર કરશે અને જે હાલ અખાડાનો નાગો હમેશાં મહંત ગાદીનશીન થતો આવે છે. પોતાના અખાડામાંથી પસંદ કરી મહન્ત મુકરર કરે, અને ગાદી ઉપર બેસાડે અને એજ દસ્તુર હમેશાંથી ચાલતું આવ્યું છે. અને આગળ હમેશાં ચાલશે.

૨. આજથી મારી હયાતી સુધી અને મારા ગુજર્યા પછી ગાદીની મીલકતની આમદાની તથા ખર્ચનો

બંદોબસ્ત શ્રી નીરંજની અખાડાના ગોસાઇ ગાદી નશીન મહંતની દેખરેખમાં રહે છે, અગર તે નાગાની દેખરેખમાં રહેશે. જેને શ્રી નીરંજની પંચાયતી અખાડો મુકરર કરે અને તે માણસની બહાલી તથા બેતરફી અખાડા મજકુર સ્વાધીન રહેશે.

૩. મને અગર મારા કાયમ મુકામને પણ આ દસ્તુર અને રીવાજમાં કાંઇ ઇનકાર થશે નહિ. આ ઇકરારનામુ લખી આપુ કે સણંદ થાય તા. ૩૦ માહે અપ્રેલ સને ૧૯૦૯.

લી. છોટે સાહેબ વલદે મુનશી ઇનાયતુલ્લા મમદુમીયાં ની.
સરકાર ગાયકવાડ મુ. વડોદરા ઠે. મુગલવાડા.

૧ અત્રે મતુ
માહારાજ દત્તગીરજી મોહનગીરજી,
સહી. દા. પોતે.

૧ અત્રે શાખ.
મુનશી ઇનાયતુલ્લા મમદુમીયાં,
શાખ. દા. પોતે.

મોહોરનો
સીક્કો.

ઉપસંહાર.

આ "નિરંજની જમાત પંચાયતી અખાડા ગુસાંઇ"ઓના મેમોરેન્ડમ ઓફ એસોસિએન, તથા પ્રથારંભે આપવામાં આવેલી પ્રસ્તાવના વાંચવાથી વાંચક જનને એમતો સ્પષ્ટ સમજાયું હશે કે "અમદાવાદ અસારવાનો સ્વામી હીરાપુરીજી મનોરનાથજી મહારાજના અખાડાનો "નીરંજની જમાત" વાળાઓએ તે કોઇપણ પ્રકારે પોતાના હસ્તકનો નહિ હોવાથી આ તેમના "નીયમો અને કાયદાઓમાં સમાવેશ કરેલો નથી અગર તો તેમની એસોસીએનની મીટીંગના મેમ્બરોમાં, સેક્રેટરીઓમાં, કારભારીઓમાં, થાણાપતિઓમાં, મહંતોમાં, દિગંબરોમાં કે કશામાં પણ આ નિલકંઠના સ્વામી હીરાપુરીજી મનોરનાથજી માહારાજના દશનામી ગુસાંઇના અખાડાનું નામ નિશાન પણ બતાવવામાં આવેલું નથી. તેમજ સદરહુ નિલકંઠ અખાડા સાથે કે તેના મહંતો સાથે નિરંજની જમાતવાળાઓનો કોઇ પણ જાતનો સંબંધ છે એમ પણ દર્શાવ્યું નથી. એ એજ બતાવે છે કે આ દશનામી નિલકંઠ મહાદેવનો અખાડો નિરંજની જમાતવાળાથી તદન જુદોજ છે અને તેમાં નિરંજની જમાતવાળાઓનું કાંઇપણ લાગતું વળગતુંજ નથી.

વળી આ "મેમોરેન્ડમ ઓફ એસોસીએશન"થી એમ પણ સાબીત થઇ શકે તેમ છે કે હાલમાં નિલકંઠ અખાડાના મહંત ભીમ દત્તગીરજીના પછી ગાદીએ આવવાને નિરંજની જમાતવાળાઓ કોઇપણ રીતે હકદાર નથીજ ! ! ! અને જો કાંઇ આગળ

બતાવ્યો તે દસ્તાવેજ નિરંજની વાળાઓ તરફથી હકદાર તરીકેનો રજુ કરવામાં આવ્યો છે. તે તદ્દન બીન પાયાદાર અને નિલકંઠના મહાદેવના દશનામી અખાડાના હકદાર થઇ પડવાને માટેજ રજુ કરવામાં આવેલો છે. એમ જણાય છે. વળી એ પણ ખુલ્લુ છે કે અસારવા નિલકંઠના અખાડામાં કોઇપણ મુસલમાન કોમના ઇસમને દાખલ થવા દેવામાં આવતો નથી, તો આ દસ્તાવેજ લખનાર કેવી રીતે અખાડામાં આવી શકયો હોય ? અને તેને હાથે કેવી રીતે દસ્તાવેજ લખાયો હશે ? વળી શું અમદાવાદમાં લખનારનો ટોટો હતો કે વડોદરેથી લખનાર લાવવાની જરૂર પડી હશે ? તથા સાક્ષી કરનાર બીજો કોઇ પણ અસારવામાંથી મળ્યો નહીં તેનું કારણ શું હશે ?

ઉપરની સઘળી હકીકત આશ્ચર્ય પમાડે તેવી છે. કદાપિ હીંદુ લખનાર હોત અને તેમાં બીજા અન્ય ગુસાઇઓ, અગર અસારવાના કે અમદાવાદના કોઇપણ હીંદુ અગર બીજા અખાડાના સેવકોની સાક્ષી હોત તો એ દસ્તાવેજ ઉપર વજન રાખી શકાત પણ હીંદુ સિવાયની ગ્નાતીને અંદર ના આવવા દેવી એવો રિવાજ પરાપૂર્વથી ચાલ્યો આવે છે, અને તે મહુંમ મહંત દત્તગીરજીના અવસાન સુધી ચાલ્યો આવ્યો છે. જ્યારે પરાપૂર્વથી આવો સખ્ત નિયમ આ અખાડાના માટે છે તો પછી આ દસ્તાવેજ લખાવી લેનાર નિરંજની જમાતવાળાઓએ મહુંમ મહંત દત્તગીરજી પાસે આ દસ્તાવેજ કેવી રીતે લખાવ્યો હશે તે પ્રત્યેક વાંચનારે વિચારવા જેવું છે. અને તેને લઇનેજ દસ્તાવેજ કેવો છે તથા કેવા પ્રકારે તે કરવામાં આવેલો હશે અગર તો તેમાં કેટલું સત્ય સમાયેલું હશે, તેનો ખ્યાલ કરવાનું કાર્ય વાંચક સમુદાયને સોંપીયે છીયે.

વળી ઉપર જણાવ્યું તે પ્રમાણે “ મેમોરેન્ડમ ઓફ એસોસી-એશન ”માં આ અખાડાનું કે તેમના મહંતોનું નામ નિશાન નથી, નિરંજની જમાતના અખાડા સાથે આ અસારવાના નિલકંઠ માહાદેવના અખાડાને કોઇ લાગતું વળગતું નથી, અને નિરંજની જમાતવાળાએ રજુ કરેલો દસ્તાવેજ આ અસારવાના અખાડાના મહંતનો લખી આપેલો છે એવું માનવાને કાંઇપણ કારણ મળતું નથી, તો પછી આ અસારવાના નિલકંઠ માહાદેવનો દશનામી સ્વામી હીરાપુરીજી માહારાજના અખાડાના કેવી રીતે નિરંજની જમાતવાળા હકદાર છે એ શીવભકતો, મઠાધીશો આ અખાડાના સેવકો આશ્રયદાતા શેઠીઆઓએ અને સઘળા દશનામી અટલ, અવાહ્ણ, જુના અને નિરવાણી ગુસાઇઓએ વિચારવા યોગ્ય છે. અમને આશા છે કે આ નિરંજની જમાતવાળાઓ જે આ નિલકંઠ માહાદેવના દશનામી અખાડાના ખોટી રીતે જબરજસ્તીથી હકદાર થઇ પડયા છે, તેમને તેમ કરતા અટકાવવામાં અને ખરા હકદાર દશનામી સ્વામી હીરાપુરીજી માહારાજના વારસોને સહુ કોઇ મદદ કરશે અને કાંઇપણ હક નહિ છતાં નીલકંઠ અખાડાને કબજે કરનાર આ નિરંજનીઓને દૂર કરવામાં પ્રયત્ન કરશે. હીરાપુરીજી માહારાજના વારસો ગુસાઇઓને મદદ કરવાનું વધુમા એટલું પણ આગળનું નીરંજની જમાતના અખાડાના ગુસાઇઓના મેમોરેન્ડમ ઓફ એસોસીએશનના નિયમો વાંચવાથી વાંચક વર્ગને સમજાયું હશે કે જે પ્રમાણે આ અસારવાના નીલકંઠ માહાદેવના અખાડામાં જેવી રીતનું અનક્ષેત્ર અને ભુખ્યાઓને ભોજન છુટથી અપાય છે. તેવી રીતનું નીરંજની જમાતના અખાડા મઠ, તથા મઠીઓમાં જણાતું નથી.

જ્યારથી આ અખાડો નીરંજની જંમાતની કબજામાં આવ્યો છે ત્યારથી સાંભળવા પ્રમાણે મહુંમ મહંત દત્તગીરજી તથા તેમના અગાઉના મહંતોના સમયમાં ચાલતું તે અન્નદાન આપવાનું બંધ થઇ ગયેલું છે; જો આવી રીતે હોય તો આ મહાન ધાર્મીક કાર્યને ભુખ્યાને ભોજન આપવાનું પરમપૂણ્યપ્રદ છે તેને સહાય કરવાને માટે ખરા હકદાર સ્વામી હીરાપુરીજીના વારસોને સહાય આપી અખાડો તેમને સોંપાવવા તથા પૂર્વવત અન્નદાન ચાલુ કરાવી પૂણ્ય વહોરવા સ્યા માટે સઘળા હીંદુ સમાજે, અને સ્વામી હીરાપુરીજી માહારાજના સેવકો, આશ્રયદાતા શેઠીઆઓ તથા શીવભકતો એમણે પ્રયત્ન કરવા પ્રવર્ત્ત ના થવું અને તે અન્નદાન અપાતું પાછું ચાલુ ના કરાવવું ?

ધર્મના કાર્યને મદદ આપવી એ સર્વ હીંદુઓનો સામાન્ય ધર્મ છે તો સર્વ ધાર્મિકો ધર્મને સહાય કરવામાં પાછી પાની કરશે નહી.

અસ્તુ.